# આત્મધર્મ

માસિક : વર્ષ-૮ * અંક-૧૦ * જૂન, ૨૦૧૪



**સંતો કહે છે**

ભાઈ ! તને આ ભવદુઃખ વ્હાલાં ન હોય ને મોક્ષસુખને તું અનુભવવા ચાહતો હો, તો તારા ધ્યેયની દિશા પલટાવી નાંખ; જગતથી ઉદાસ થઈને આત્માનો રંગ લગાડીને અંતરમાં ચૈતન્યસ્વભાવને ધ્યાવ. એ ધ્યાનમાં તને પરમ આનંદમય મોક્ષસુખ અનુભવાશે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ રુદ્ર (મહાદેવ)ના કંઠમાં કાળકૂટ વિષ રહે છે, તે વિષ મહાદેવજીને કાંઈ પણ અસર કરી શક્યું નહિ, કાળકૂટને પચાવી શકે એવા મહાદેવજી પણ સ્ત્રીઓની માયામાં ફસાઈ યોગક્ષેમ હારી ગયા તેથી નિશ્ચય થાય છે કે સ્ત્રી એ જ સર્વ વિષમ વિષોથી પણ ભયંકર વિષ છે. ૧૪૧૯.

(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક—૧૩૫)

✻ આલોક અને પરલોક—બન્ને લોકમાં ઉત્તમ ફળની દેવાવાળી સજ્જનોની સંગતિ પ્રાણીઓની વિષય-તૃષ્ણાને નષ્ટ કરે છે, ગર્વને શાંત કરે છે, સમ્યગ્જ્ઞાનને પ્રગટ કરે છે, નીતિને ઉત્પન્ન કરે છે, વિપત્તિને હરે છે અને સંપત્તિને સંચિત કરે છે. અથવા જે સજ્જનની સંગતિ પ્રાણીઓના સમસ્ત દુઃખોને નષ્ટ કરવામાં સમર્થ છે તે ક્યા નિર્દોષ ફળને ઉત્પન્ન નથી કરતી? અર્થાત્ સજ્જનની સંગતિ બધા જ પ્રકારના ઉત્તમ ફળને ઉત્પન્ન કરે છે. ૧૪૨૦.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક—૪૬૦)

✻ અજ્ઞાનને લીધે મૃગજળમાં જળની બુદ્ધિ થવાથી હરણો તેને પીવા દોડે છે; અજ્ઞાનને લીધે અંધકારમાં પડેલી દોરડીમાં સર્પનો અધ્યાસ થવાથી લોકો (ભયથી) ભાગી જાય છે; અને (તેવી રીતે) અજ્ઞાનને લીધે આ જીવો પવનથી તરંગવાળા સમુદ્રની માફક વિકલ્પોના સમૂહ કરતાં હોવાથી જો કે તેઓ શુદ્ધ જ્ઞાનમય છે તોપણ આકુળ બનતાં થકાં પોતાની મેળે કર્તા થાય છે. ૧૪૨૧.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૫૮)

✻ જેમ રોગની પ્રતિક્રિયા કરતો કોઈ રોગી પુરુષ તે રોગ અવસ્થામાં રોગના પદને ઈચ્છતો નથી અર્થાત્ સરોગ અવસ્થાને ચાહતો નથી તો પછી બીજી વખત રોગ ઉત્પન્ન થવાની ઈચ્છાના વિષયમાં તો કહેવું જ શું? અર્થાત્ ફરીથી રોગની ઉત્પત્તિને તો તે ઈચ્છવાનો જ નથી. એ જ પ્રમાણે જ્યારે :— ભાવ કર્મો દ્વારા પીડિત થતો કર્મજન્ય ક્રિયાઓને કરવાવાળો જ્ઞાની કોઈપણ કર્મપદની ઈચ્છા કરતો નથી તો પછી તે ઈન્દ્રિયોના વિષયોનો અભિલાષી છે એમ ક્યા ન્યાયથી કહી શકાય? ૧૪૨૨.　(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૭૧-૨૭૨)

❀

વર્ષ–૮
અંક–૧૦




વિ. સંવત
૨૦૭૦

June
A.D. 2014




# વ્યવહાર સમકિતનું સ્વરૂપ



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૨-૪-૪૪, શુક્રવાર)

અહીં ટીકાકાર કહે છે કે—

मोक्षोपायो भवति यमिनां शुद्धरत्नत्रयात्मा
ह्यात्मा ज्ञानं न पुनरपरं दृष्टिरन्याऽपि नैव।
शीलं तावन्न भवति परं मोक्षुभिः प्रोक्तमेतद्
बुद्ध्वा जन्तुर्न पुनरुदरं याति मातुः स भव्यः ॥११॥

ધર્માત્મા મુનિને માટે શુદ્ધરત્નત્રયસ્વરૂપ પોતાના આત્મામાં લીન થવું તે જ મોક્ષનો ઉપાય છે. અહીં 'આત્માનું થવું' એમ કહેવામાં પર્યાયને આત્મા ગણ્યો છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર તે પર્યાય છે, પર્યાયનો વિકલ્પ થવો તે આત્મા નથી. સમ્યગ્દર્શન વગેરે આત્માની શુદ્ધ પર્યાય હોવાથી અહીં તેને આત્મા કહ્યો છે, ખરેખર તો તે રત્નત્રય પર્યાય છે અને આત્મા ધ્રુવ છે, પણ પર્યાય તે દ્રવ્યથી અભેદ છે તે અપેક્ષાએ "શુદ્ધ રત્નત્રયસ્વરૂપ પોતાના આત્માનું થવું તે મોક્ષનો ઉપાય છે" એમ કહ્યું છે.

શાસ્ત્રમાં કોઈવાર કહે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે પર્યાય છે તથા કોઈવાર કહે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ આત્મા છે; એ રીતે જુદી જુદી અપેક્ષાના વાક્યો આવે, ત્યાં નય પ્રમાણે સમજવું જોઈએ. અહીં 'સ્વ-પર્યાય' તે આત્મા જ છે, આત્માની નિર્મળ

**આ જીવ, પુદ્‌ગલ, કાળ, ધર્મ, અધર્મ તેમ જ નભ વિષે**
**છે 'દ્રવ્ય'સંજ્ઞા સર્વને, કાયત્વ છે નહિ કાળને. ૧૦૨. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર સિવાય બીજા દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. નવતત્ત્વની યથાર્થ શ્રદ્ધા તે દર્શન નથી, અગિયાર અંગનું જ્ઞાન તે જ્ઞાન નથી અને પંચમહાવ્રત—૨૮મૂલગુણ સહિત પાળે તોપણ તે ચારિત્ર નથી, એમ સંસારથી મુક્ત એવા શ્રી અરિહંત ભગવાને કહ્યું છે; તે જાણીને ભવ્ય જીવ (લાયક પ્રાણી) કોઈવાર નવી માતાના ઉદરમાં જન્મતો નથી—પુનર્જન્મ પામતો નથી અર્થાત્ તેને નવો જન્મ ધારણ કરવો પડતો નથી. આવો એકરૂપ સ્વભાવ જાણીને તેમાં ઠરે તેને જન્મ-મરણ કરવા પડે નહીં, એ એક જ ઉપાય કહ્યો છે. ૪.

હવે વ્યવહાર સમ્યગ્દર્શનનું સ્વરૂપ કહે છે :—

**अत्तागमतच्चाणं सद्दहणादो हवेइ सम्मत्तं।**
**ववगयअसेसदोसो सयलगुणप्पा हवे अत्तो।।५।।**

રે! આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધાથી સમકિત હોય છે;
નિઃશેષદોષવિહીન જે ગુણસકળમય તે આપ્ત છે. ૫.

અહીં જો કે ભેદ પાડીને સમજાવે છે તો પણ અભેદ સમજાવવા માટે છે, અભેદ સમજાવતાં વચ્ચે શું આવે છે તે બતાવે છે......

પૂર્ણદશા થયા પહેલાં પૂર્ણની શ્રદ્ધાની વાત છે. પૂર્ણ થયા પછી તો કાંઈ કરવાપણું રહેતું નથી. આ તો સમકિતીને પૂર્ણ થયા પહેલાં પૂર્ણની આગાહી કેવી આવી જાય છે તેનું સ્વરૂપ બતાવે છે. પહેલી ગાથામાં અસાધારણ માંગળિક કહ્યું, બીજી ગાથામાં માર્ગ અને માર્ગફળ કહ્યું, ત્રીજી ગાથામાં 'નિયમ' સાથે 'સાર' શબ્દ કેમ મૂક્યો છે તે બતાવ્યું, ચોથી ગાથામાં નિયમની વ્યાખ્યા કરી, હવે પાંચમી ગાથામાં વ્યવહાર સમકિતનું સ્વરૂપ બતાવે છે, કે જે નિશ્ચય શ્રદ્ધામાં નિમિત્ત નીવડે. પહેલાં સત્‌દેવ-ગુરુની યથાર્થ શ્રદ્ધારૂપ વ્યવહાર હોય. નિશ્ચય શ્રદ્ધા તો આત્માના સ્વભાવની છે. તેમાં સાચા દેવ અને સાચા ગુરુની શ્રદ્ધાનું નિમિત્ત હોય છે. સાચા દેવ-ગુરુની શ્રદ્ધા તે પુણ્યનું કારણ છે.

વ્યવહાર સમ્યગ્દર્શન ક્યારે થાય તે કહેવાય છે : આપ્ત :—આગમના દેવ-તેની સાચી શ્રદ્ધા જોઈએ. જેમની વાણી દ્વારા શાસ્ત્ર રચના થાય છે તે વીતરાગદેવ કેવા હોય તેની સાચી ઓળખાણ જોઈએ. આપ્ત એટલે આગમના ઈષ્ટદેવ તેને આપ્ત કહેવાય.

આગમ :—જિનવાણી, વીતરાગની વાણી. આગમમાં વર્ણન કરેલા તત્ત્વોની શ્રદ્ધા કરવાથી વ્યવહાર સમકિત થાય છે, એટલે તે આત્માની શ્રદ્ધામાં નિમિત્ત થાય તેવી

**એ રીત પ્રવચનસારરૂપ 'પંચાસ્તિસંગ્રહ' જાણીને**
**જે જીવ છોડે રાગદ્વેષ, લહે સકળદુખમોક્ષને. ૧૦૩. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

વ્યવહાર શ્રદ્ધા થાય છે. શાસ્ત્રના પૂર્ણ કથક એવા આપ્ત કેવા હોય ? કે બધા દોષરહિત અને બધા ગુણ સહિત હોય છે.

દેવના બે પ્રકાર છે. એક પુણ્યમાં મોટા તે લૌકિક દેવ છે, અને બીજા જેને આત્માની પૂર્ણ શક્તિ પ્રગટી છે તે સાચા દેવ છે, તેની ઓળખાણ વગર સાચા આત્મદેવની (આત્મ-સ્વરૂપની) ઓળખાણ થાય નહીં. દરેક આત્માર્થીને પૂજવાયોગ્ય દેવ તે આપ્ત છે; અથવા પૂર્ણશાસ્ત્રને વાણી દ્વારા કહેનાર, સંપૂર્ણ મોહ-રાગ-દ્વેષ આદિ દોષોથી વિમુક્ત, ત્રણકાળ ત્રણલોકનું તથા આત્મપદાર્થનું જેને જ્ઞાન છે એવા સર્વજ્ઞ અને આત્મગુણોથી જે શોભિત છે તે આપ્ત દેવ છે; વળી તે શંકારહિત છે, મોહ અને રાગ-દ્વેષને શંકા કહેવાય છે, તે જેને નથી તે દેવ છે. નિઃશંક આત્મસ્વભાવની શ્રદ્ધા અને સ્થિરતા પ્રગટી છે તથા દર્શનમોહ અને ચારિત્રમોહનો અભાવ થવાથી પૂર્ણ નિઃશંકતા છે, તે જ પરમાત્મા—પૂજવાયોગ્ય છે.

સાચા વક્તા કેવા હોય :—આવા સંપૂર્ણ ગુણવાળા વક્તા જ પરને હિતરૂપ સાચો ઉપદેશ દઈ શકે છે. જેનામાં પોતામાં જ અવગુણ હોય તે સાચો ઉપદેશ આપી શકે નહીં. વીતરાગની વાણીમાં જ સંપૂર્ણ સત્ય ઉપદેશ આવે છે. સ્નેહ કે ભયવાળો સાચું કહી શકે નહીં. હાથમાં હથિયાર વગેરે હોય તે સાચા દેવ નથી. વળી કામ કે નિદ્રાવાળો સાચો વક્તા કહેવાય નહીં. જગતનું કર્તૃત્વ હોય તે આપ્ત નથી. નિદ્રા તે પ્રમાદ છે, પૂર્ણદશામાં પ્રમાદ હોઈ શકે નહીં. જગતના જીવો પાપ કરે માટે તેને દંડ દેવો એવી કર્તૃત્વની માન્યતાના દોષથી જે લેપાયેલ છે તેના વચન નિર્દોષ હોઈ શકે નહીં. ભક્તનો ઉદ્ધાર કરવો તેમાં રાગ છે. ભગવાનને રાગ હોય નહીં. વાણીનો યોગ હોય તો સમજાવે અને સામો પોતાની યોગ્યતાથી સમજે તો વાણીને નિમિત્ત કહેવાય.

જેઓને મોહ-રાગાદિ સર્વ દોષો ટળી ગયા છે એવા વીતરાગનું જ વચન વીતરાગમય હોય, તેથી અરિહંત ભગવાન જ સાચા આપ્ત દેવ છે. આ તો હજી સાચા દેવોનું સ્વરૂપ કહેવાય છે, તે યથાર્થ જાણે ત્યારે તો હજી વ્યવહાર શ્રદ્ધા થઈ કહેવાય. સાચાં નિમિત્તનું સ્વરૂપ પહેલાં જાણવું જોઈએ. કુદેવાદિ સત્‌નાં નિમિત્ત થઈ શકે નહીં, સતનાં નિમિત્ત પણ સત્ જ હોય. નિમિત્ત એટલે હાજરી, સાથ; નિમિત્ત કાંઈ કરી દેતું નથી. સાથીદાર હોય તે હિંમત આપી દેતો નથી, પણ પોતામાં હિંમત હોય ત્યારે સાથીદારને નિમિત્ત કહેવાય છે. (ક્રમશઃ) ❋

**આ અર્થ જાણી, અનુગમન-ઉદ્યમ કરી, હણી મોહને,**
**પ્રશમાવી રાગદ્વેષ, જીવ ઉત્તર-પૂરવ વિરહિત બને. ૧૦૪. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**



# સુખ બહારથી આવતું નથી પણ અંદરથી જ પ્રગટે છે

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, શ્રાવણ વદ ૧૨ મંગળવાર)

ૐ શ્રી સર્વજ્ઞાય નમઃ એમાં પ્રથમ ૐ એ તીર્થંકર ભગવાનનો એકાક્ષરી દિવ્યધ્વનિ છે. પૂર્ણાનંદ દશા પ્રગટે છે ત્યારે તીર્થંકર ભગવાનને 'ૐ' એવો ધ્વનિ સહજ ઈચ્છા વિના પૂર્વના પુણ્યબંધને કારણે છૂટે છે. ત્યાં તીર્થંકરની ધર્મસભામાં ગણધરદેવ હોય છે, તે અનેક લબ્ધિધારી હોય છે. તે ગણધરદેવ ભગવાનનો ૐકાર ધ્વનિ ઝીલીને શાસ્ત્ર રચના કરે છે, તેથી પ્રથમ ૐ મૂક્યો છે, તે વાણી સર્વજ્ઞ વીતરાગ અરિહંતદેવને જ હોય છે.

આ શાસ્ત્રનું નામ 'સત્તાસ્વરૂપ' છે; સત્તાસ્વરૂપ એટલે જેમ છે તેમ હોવાપણું નક્કી કરવું તે. સત્તા એટલે 'છે,' છે તેની વાત છે.

શાસ્ત્રકારનું માંગળિક

મંગલમય મંગલકરણ, વીતરાગવિજ્ઞાન;
નમો તેહ જેથી થયા, અરહંતાદિ મહાન.

માંગળિકમાં વીતરાગી વિજ્ઞાનને નમસ્કાર કર્યા છે. અરિહંત, સિદ્ધ વગેરે જે મહાન થયા તે વીતરાગી વિજ્ઞાનથી થયા છે. વકીલાત કરવાની કળા, ડૉક્ટરની કળા એમાં વીતરાગી વિજ્ઞાન નથી, એને તો દૂરથીજ 'નમો નારાયણ' હોય એટલે કે તેનો તો ત્યાગ હોય; અને આ વીતરાગી વિજ્ઞાનનો જ આદર હોય, તેનાથી જ અરિહંત કે સિદ્ધ વગેરે મહાન થયા છે. એકલું વીતરાગ કે એકલું વિજ્ઞાન કહ્યું નથી, પણ વીતરાગવિજ્ઞાન એમ બન્ને સાથે કહ્યાં છે.

તે વીતરાગવિજ્ઞાન કેવું છે ? કે તે પોતે જ મંગલમય છે—પોતે જ માંગળિક સ્વરૂપ છે; આમ કહીને પહેલાં તો માંગળિકને અભેદ લઈ લીધું છે. વીતરાગવિજ્ઞાનથી સ્વરૂપની સંપદા પ્રગટી છે અને પુણ્ય-પાપની આકુળતાનો નાશ થયો છે, તેથી તે વીતરાગવિજ્ઞાન પોતે જ મંગલસ્વરૂપ છે.

વીતરાગવિજ્ઞાન એટલે કે પૂર્ણ સમ્યગ્જ્ઞાન તે પોતે જ મંગળમય છે અને મંગળનું

**શિરસા નમી અપુનર્જન્મના હેતુ શ્રી મહાવીરને,**
**ભાખું પદાર્થવિકલ્પ તેમ જ મોક્ષ કેરા માર્ગને. ૧૦૫. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

કારણ છે. સાચું જ્ઞાન—વીતરાગી જ્ઞાન—તત્ત્વજ્ઞાન—આત્મજ્ઞાન—તે મંગલ-સ્વરૂપ છે અને માંગળિકનો ઉપાય પણ તે જ છે. આત્માની સ્વરૂપસંપદા પામવારૂપ મંગળનું તે કારણ છે, તેથી તેને અહીં શાસ્ત્રની શરૂઆતમાં શાસ્ત્રકાર નમસ્કાર કરે છે. એ વીતરાગી વિજ્ઞાન વડે જ અરિહંતાદિ મહાન થયા છે. વીતરાગી વિજ્ઞાનને પામીને જ પંચપરમેષ્ઠીઓ આત્મતત્ત્વને પામ્યા છે.

આ ગ્રંથના કર્તા પંડિત ભાગચંદજી ગૃહસ્થ હતા. તેમણે ગૃહીત મિથ્યાત્વ છોડાવવા માટે ઘણી જ અસરકારક રીતે આ ગ્રંથમાં કથન કર્યું છે. વર્તમાનમાં જીવો જૈન સંપ્રદાયને પામ્યા છે, પણ સાચા દેવ—શાસ્ત્ર-ગુરુનો નિર્ણય કરતા નથી. વળી કોઈ જીવ માત્ર સાચા દેવ—ગુરુ—શાસ્ત્રનો નિર્ણય કરે, પણ આત્મતત્ત્વનો નિર્ણય કરે નહિ તો શુભભાવ થાય, પણ ધર્મ ન થાય; તથા સાચા દેવ—ગુરુ—શાસ્ત્રને ઓળખ્યા વિના અને તેની ભક્તિ પ્રગટ્યા વિના આત્મા ઓળખાય નહીં; માટે પહેલાં આ સત્તાસ્વરૂપમાં દેવ—ગુરુ—શાસ્ત્રનું સાચું સ્વરૂપ બતાવશે.

સર્વ જીવો સુખને ઇચ્છે છે. જે કામ કરવા ઇચ્છે છે તે સુખ મેળવવા માટે જ ઇચ્છે છે, દરેક ક્રિયામાંથી સુખ મેળવવા માગે છે. બીજાને મારે તે પણ સુખને માટે, પરવસ્તુની ચોરી કરે તે પણ સુખને માટે, જૂઠું બોલે તે પણ સુખને માટે, પૈસા વગેરેનો પરિગ્રહ કરે તે પણ સુખને માટે, એ રીતે અનેક જાતના પાપ કરીને પણ સુખ મેળવવા માગે છે; માટે સુખ તો દરેક આત્માને વહાલું છે, પણ સુખના સાચા ઉપાયની અનાદિકાળથી ખબર નથી. અહીં બધા ધર્મ સાંભળવા આવ્યા છે. શા માટે ? દરેક સુખને માટે જ આવ્યા છે. જીવોએ અનંતકાળમાં તત્ત્વનો યથાર્થ નિર્ણય કર્યો નથી. તત્ત્વનો નિર્ણય કરે તો તેમાં રમણતાનો ભાવ થયા વિના રહે નહિ, અને તત્ત્વમાં રમણતા હોય તો આ દુઃખ હોય નહીં.

દરેક જીવને સુખ પ્રિય છે એ વિષે તો કોઈને પૂછવા જવું પડે તેમ નથી. દરેક કાર્યમાં તે સુખને માટે જ ઝાંવા નાખે છે. સ્વર્ગના દેવ કે નરકના નારકી, તિર્યંચ કે મનુષ્ય, ત્યાગી સાધુ કે ગૃહસ્થ વગેરે બધા સુખને માટે જ ઝંખના કરે છે. એ સુખ કેમ થાય ? શું એ સુખ બહારથી પૈસા વગેરેમાંથી આવતું હશે ? તો કહે છે કે ના; તે સુખ રાગ-દ્વેષરૂપ ભાવકર્મનો નાશ કરતાં પ્રગટે છે. ભાવકર્મનો નાશ કરતાં આઠે પ્રકારના દ્રવ્યકર્મનો નાશ થાય છે, અને સર્વ કર્મનો નાશ થતાં સ્વતંત્ર સુખ પ્રગટે છે.

સમ્યક્ત્વજ્ઞાન સમેત ચારિત રાગદ્વેષવિહીન જે,
તે હોય છે નિર્વાણમારગ લબ્ધબુદ્ધિ ભવ્યને. ૧૦૬. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

સુખ બહારથી આવતું નથી પણ અંદરથી જ પ્રગટે છે. બહારમાં ક્યાં સુખ છે ? શું શરીરના લોચામાં, પૈસામાં, સ્ત્રીમાં સુખ છે ? ક્યાં છે ? બહારમાં તો ધૂળ-જડ દેખાય છે, શું જડમાં આત્માનું સુખ હોય ? ન જ હોય, પણ તે પર વસ્તુઓમાં સુખની ખોટી કલ્પના અજ્ઞાની જીવે કરી નાખી છે. પરમાં સુખ છે નહિ, કદી પરમાં સુખ જોયું પણ નથી, છતાં મૂઢતાએ કલ્પ્યું છે. પણ અયથાર્થને યથાર્થ માને તેથી કાંઈ પરિભ્રમણનું દુઃખ ટળે નહિ. તેને સુખસ્વભાવની ખબર નથી તેથી સ્વભાવથી વિરુદ્ધ ભાવ કરી રહ્યો છે, તેના કારણે આઠ પ્રકારના કર્મો બંધાય છે અને તેથી આકુળતાનો ભોગવટો કરે છે. પણ જો સ્વભાવનું ભાન કરે અને સ્વભાવથી વિરુદ્ધ જે રાગ-દ્વેષના ભાવ છે તેનો નાશ કરે તો સર્વ કર્મો ટળી જાય અને દુઃખ ટળીને સુખ થાય. જે પરમાંથી સુખ લેવા માગે છે તે મૂઢ છે. મોટી સભામાં મારો આદર કર્યો માટે ઠીક થયું એમ માનવું તે મૂઢતા છે. માન-અપમાનથી કાંઈ આત્માની શાંતિ થાય તેમ છે ? રાજા વગેરેને અનેક માણસો ખમા-ખમા કરતાં હોય, પણ આંખ મીંચાયે શું સરવાળાં ? શું એમાં ક્યાંય સુખ છે ? સુખ તો સર્વ કર્મના નાશથી પ્રગટે છે, પણ ખોટા જોરથી પ્રગટતું નથી. તાળું ઉઘાડવા માટે જોર ન ચાલે, હથોડાથી તાળાં ઉઘડે નહિ, પણ તૂટી જાય, અને યુક્તિપૂર્વક ચાવી લાગુ પાડે તો ફટ ઉઘડી જાય; તેમ આઠ કર્મનો નાશ એટલે કે વિકારી ભાવનો નાશ કર્યા વિના ખોટા જોરથી સુખ પ્રગટતું નથી. 'સાચું સમજવાનું શું કામ છે, આપણે મહેનત કરવા માંડો એટલે સુખ પ્રગટી જશે'—એમ ખોટા જોરથી કોઈને સુખ પ્રગટે નહિ.

જેનો જે સ્વભાવ હોય તેને જેમ છે તેમ—તે રીતે સમજે તો તે પ્રગટે. જેમ કોઈને ભાવનગર જવું હોય તો ભાવનગરનો રસ્તો જાણવો પડે, પણ રસ્તો જાણવાનું શું કામ છે, એમ ને એમ ચાલવા માંડો—એમ કરવાથી ભાવનગર પહોંચાય નહીં. આ તો દૃષ્ટાંત છે; તેમ સુખનો ઉપાય સમજે તો સુખ પ્રગટે, પણ સાચો ઉપાય જાણ્યા વિના ખોટા જોરથી સુખ પ્રગટે નહીં. સુખ કર્મના નાશથી પ્રગટે છે, કર્મનો નાશ ચારિત્રથી—વીતરાગદશાથી થાય છે, અને ચારિત્ર એટલે કે અંતરસ્વરૂપમાં રમણતા સમ્યગ્દર્શન—સમ્યગ્જ્ઞાનથી પ્રગટે છે. આ સિવાય બીજી રીતે કોઈ દિવસ સુખ પ્રગટે નહીં.

હવે કોઈ કહે કે ચારિત્ર એટલે શું ? તો તેને કહે છે કે ચારિત્ર બહારમાં નથી; ઉપકરણ કે વસ્ત્રમાં ચારિત્ર નથી; પણ આત્મા અનંત ગુણનો પીંડ છે તેનું જ્ઞાન કરીને

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૭ ઉપર)

**બે ભાવ—જીવ અજીવ, તદ્ગત પુણ્ય તેમ જ પાપ ને**
**આસરવ, સંવર, નિર્જરા, વળી બંધ, મોક્ષ—પદાર્થ છે. ૧૦૮. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

# મોક્ષનું બીજ સમ્યક્ત્વ; સંસારનું બીજ મિથ્યાત્વ.

(સમ્યગ્દર્શન માટે પરમ પ્રયત્નનો ઉપદેશ)

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

મોક્ષનું બીજ સમ્યગ્દર્શન છે ને ભવનું બીજ મિથ્યાદર્શન છે; માટે જેઓ મોક્ષના અભિલાષી હોય એવા મુમુક્ષુ જીવો મોક્ષના બીજભૂત સમ્યગ્દર્શનને અત્યંત પ્રયત્નપૂર્વક પ્રાપ્ત કરો. ઘણા કાળથી આ ભવભ્રમણમાં ભમતાં કોઈક વિરલ પ્રાણી સ્વ-પ્રયત્ન વડે તે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. તેની પ્રાપ્તિના પરમ પ્રયત્ન માટે જ્ઞાનીનો ઉપદેશ છે.

(શાર્દૂલવિક્રીડિત)

बीजं मोक्षतरोर्दृशं भवतरोर्मिथ्यात्वमाहुर्जिनाः
प्राप्तायां दृशि तन्मुमुक्षुभिरलं यत्नो विधेयो बुधैः।
संसारे वहुयोनिजालजटिले भ्राम्यन् कुकर्मावृतः
क्व प्राणी लभते महत्यपि गते काले हितां तामिह ।।३।।

અર્થ :—જિન ભગવાન્ સમ્યગ્દર્શનને મોક્ષરૂપી વૃક્ષનું બીજ તથા મિથ્યાદર્શનને સંસારરૂપી વૃક્ષનું બીજ બતાવે છે. તેથી તે સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં મોક્ષાભિલાષી વિદ્વાનોએ તેના સંરક્ષણ આદિના વિષયમાં મહાન્ પ્રયત્ન કરવો જોઈએ. કારણ એ છે કે પાપકર્મથી આછન્ન થઈ ઘણી (ચોરાસી લાખ) યોનિઓના સમૂહથી જટિલ આ સંસારમાં પરિભ્રમણ કરનાર પ્રાણી દીર્ઘ કાળ વીતવા છતાં હિતકારક તે સમ્યગ્દર્શન ક્યાં પ્રાપ્ત કરી શકે છે ? અર્થાત્ પ્રાપ્ત કરી શકતો નથી. ૩.

મોક્ષરૂપી વૃક્ષનું બીજ સમ્યગ્દર્શન છે; ને સંસારરૂપી વૃક્ષનું બીજ મિથ્યાત્વ છે— એમ ભગવાન જિનદેવે કહ્યું છે. તેથી મુમુક્ષુએ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે અત્યંત પ્રયત્ન કર્તવ્ય છે. અરે, સંસારમાં ઘણા ઘણા ભવોમાં સમ્યગ્દર્શન વગર કુકર્મોથી જીવ ભટકી રહ્યો છે, દીર્ઘકાળ વીતવા છતાં પ્રાણી સમ્યગ્દર્શનને ક્યાં પામે છે?— સમ્યગ્દર્શનની પ્રાપ્તિ મહા દુર્લભ છે. માટે હે જીવ ! તું સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો પરમ

**જીવો દ્વિવિધ—સંસારી, સિદ્ધો; ચેતનાત્મક ઉભય છે;**
**ઉપયોગલક્ષણ ઉભય; એક સદેહ, એક અદેહ છે. ૧૦૯. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

ઉદ્યમ કર; ને તે પામીને અતિ યત્નથી તેની રક્ષા કર.

અષ્ટપ્રાભૃતમાં કુંદકુંદસ્વામીએ શરૂઆતમાં જ કહ્યું છે કે 'દંસણમૂલો ધમ્મો ઉવઈટ્ઠો જિણવરેહિં સિસ્સાણં' અર્થાત્ જિનવરદેવે 'દર્શન જેનું મૂળ છે એવો ધર્મ' શિષ્યોને ઉપદેશ્યો છે. મૂળ વગર જેમ ઝાડ નહિ, તેમ સમ્યગ્દર્શન વગર ધર્મ નહિ. ચૌદ ગુણસ્થાનોમાં, સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાને હોય છે ને વ્રત પાંચમાં ગુણસ્થાને હોય છે, મુનિદશા છઠ્ઠા-સાતમા ગુણસ્થાને હોય છે. સમ્યગ્દર્શન વગર માત્ર શુભરાગથી પોતાને પાંચમું—છઠ્ઠું ગુણસ્થાન કે ધર્મ માને કે મોક્ષમાર્ગ માની લ્યે તો તેમાં મિથ્યાત્વનું પોષણ થાય છે; મોક્ષમાર્ગના ક્રમની તેને ખબર નથી. મોક્ષમાર્ગમાં પહેલું સમ્યગ્દર્શન છે, તેના વગર ધર્મની શરૂઆત થાય નહિ, તેના વિના શ્રાવકપણું કે મુનિપણું સાચું હોય નહિ. અરે જીવ! ધર્મનું સ્વરૂપ શું છે ને મોક્ષમાર્ગનો ક્રમ શું છે તે પહેલાં જાણ. સમ્યગ્દર્શન વગરના પુણ્ય તેં અનંતવાર કર્યા છતાં તું સંસારમાં જ રખડ્યો ને તેં દુઃખ જ ભોગવ્યા. માટે સમજ કે પુણ્ય તે કાંઈ મોક્ષનું સાધન નથી. મોક્ષનું બીજ તો સમ્યગ્દર્શન છે.

તે સમ્યગ્દર્શન કેમ થાય? રાગાદિ અશુદ્ધતા વગરનો આત્માનો શુદ્ધ ભૂતાર્થસ્વભાવ શું છે તેની અનુભૂતિથી જ આત્મા સમ્યગ્દષ્ટિ થાય છે. જ્યારથી સમ્યગ્દષ્ટિ થાય ત્યારથી જ મોક્ષમાર્ગી થાય છે. પછી એ જ ભૂતાર્થસ્વભાવના અવલંબનમાં આગળ વધતાં શુદ્ધિ અનુસાર પાંચમું—સાતમું વગેરે ગુણસ્થાન પ્રગટે છે. ચોથા કરતાં પાંચમાં ગુણસ્થાને સ્વભાવનું વિશેષ અવલંબન છે, ત્યાં અપ્રત્યાખ્યાન સંબંધી ચારે કષાયો પણ છૂટી ગયા છે ને વીતરાગી આનંદ વધી ગયો છે. સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પંચમ ગુણસ્થાનવર્તી દેડકાને આત્માનો આનંદ વધારે છે. પણ એ દશા સમ્યગ્દર્શનપૂર્વક જ હોય છે. માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો પરમ પ્રયત્ન કર્તવ્ય છે.

અરે, ચોરાશીના અવતારમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ઘણી જ દુર્લભ છે. સમકિતીને રાગાદિ પરિણામ આવે છતાં અંતરની દૃષ્ટિમાંથી શુદ્ધ સ્વભાવ કદી ખસે નહિ. અહીં શ્રાવકના વ્રતરૂપ શુભભાવ કરવાનો ઉપદેશ આપશે, છતાં ધર્મીની દૃષ્ટિમાં રાગની મુખ્યતા નથી પણ મુખ્યતા શુદ્ધ સ્વભાવની જ છે. દૃષ્ટિમાં જો સ્વભાવની

ભૂ-જલ-અનલ-વાયુ-વનસ્પતિકાય જીવસહિત છે;
બહુ કાય તે અતિમોહસંયુત સ્પર્શ આપે જીવને. ૧૧૦. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

મુખ્યતા છૂટીને રાગની મુખ્યતા થઈ જાય તો સમ્યગ્દર્શન પણ ન રહે. શુદ્ધ સ્વભાવમાં મોક્ષદશા ખીલવાની તાકાત છે. જેણે આવા શુદ્ધ સ્વભાવને પ્રતીતમાં લઈને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તેણે મોક્ષનું ઝાડ આત્મામાં વાવી દીધું, ને ચોરાશીના અવતારનું બીજ તેણે બાળી નાખ્યું. માટે હે મુમુક્ષુ! તું આવા સમ્યક્ત્વનો પરમ ઉદ્યમ કર.

જ્યાં સમ્યગ્દર્શન નથી ત્યાં ધર્મ નથી. જેને ભૂતાર્થસ્વભાવનું ભાન નથી ને રાગમાં એકત્વબુદ્ધિ છે તેને ધર્મ કેવો ? તે શુભરાગથી વ્રતાદિ કરે તોપણ તે બાલવ્રત છે. અને તે બાલવ્રતના રાગને ધર્મ માને તો 'બકરું કાઢતાં ઊંટીયું પેઠું' એના જેવું થાય છે–એટલે જરાક અશુભ છોડીને શુભને ધર્મ માનવા ગયો ત્યાં મિથ્યાત્વના મોટા અશુભરૂપી ઊંટીયો પેસી ગયો. માટે શ્રાવકે સૌથી પહેલાં સર્વજ્ઞના વચન અનુસાર યથાર્થ વસ્તુસ્વરૂપ જાણીને પરમ ઉદ્યમપૂર્વક સમ્યક્ત્વને પ્રગટ કરવું જોઈએ. જીવની શોભા સમ્યક્ત્વથી જ છે.

સંયોગ ભલે ગમે તેવા પ્રતિકૂળ હો પણ અંદરમાં ચિદાનંદસ્વભાવની પ્રતીત કરીને શ્રદ્ધામાં આખા આત્માની અનુકૂળતા પ્રગટ કરી છે–તો તે ધન્ય છે.


આત્માના સ્વભાવથી વિરુદ્ધ માન્યતારૂપ જે ઊંધી શ્રદ્ધા તે મોટો અવગુણ છે; બહારની પ્રતિકૂળતા હોવી તે કાંઈ અવગુણ નથી.

અંતરમાં ચિદાનંદસ્વભાવની પ્રતીત કરીને મોક્ષમાર્ગ પ્રગટ કરવો તે મોટો સદ્‌ગુણ છે; બહારમાં અનુકૂળતાનો ઠાઠ હોવો તે કાંઈ ગુણ નથી.

આત્માની ધર્મસંપદા ક્યાંથી પ્રગટે છે તેની જેને ખબર નથી તે જ મહાન દરિદ્રી છે ને ભવભવમાં રખડીને દુઃખને ભોગવે છે. જે ધર્મીને આત્માની સ્વભાવસંપદાનું ભાન થયું છે તેની પાસે તો એવા મોટા ચૈતન્યનિધાન ભર્યા છે કે તેમાંથી કેવળજ્ઞાન ને સિદ્ધપદ કાઢશે; વર્તમાનમાં પુણ્યનો ઠાઠ ભલે ન હોય તોપણ તે જીવ મહાન પ્રશંસનીક છે. અહો, દરિદ્ર-સમકિતી પણ કેવળીનો કેડાયત છે, સર્વજ્ઞના માર્ગે ચાલનારો છે, તેણે આત્મામાં મોક્ષનાં બીજ વાવી દીધાં છે. અલ્પકાળે તેમાંથી મોક્ષનું ઝાડ ફાલશે. પુણ્યમાંથી તો સંયોગ ફાલશે ને સમ્યગ્દર્શનમાંથી મોક્ષના મીઠાં ફળ પાકશે. *(ક્રમશઃ)*

*

ત્યાં જીવ ત્રણ સ્થાવરતનુ, ત્રસ જીવ અગ્નિ-સમીરના;
એ સર્વ મનપરિણામવિરહિત એક-ઇન્દ્રિય જાણવા. ૧૧૧. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ




## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૧૧

**મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે. પણ જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી. ૧૧.**

**'મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે.'**

એટલે શું? સ્વરૂપમાં ઠરવું છે તે જ મૂળ ઉત્સર્ગમાર્ગ છે, પણ ઠરી ન શકાય તેથી શુભ વિકલ્પ વચ્ચે આવે; તે ન જ આવે-એવો આગ્રહ ન રાખે. સ્વરૂપમાં ઠરી શકતો નથી એટલે અપવાદમાર્ગ આવ્યા વિના રહે નહિ. ઉત્સર્ગનો એકલો આગ્રહ કરીને અપવાદ ન લાવે તો તે હઠ છે.

ઉત્સર્ગમાર્ગમાં—સ્વરૂપમાં—વધુ ટકી શકતો નથી તેથી વચ્ચે પાછો અપવાદમાર્ગ—વ્રતાદિનો શુભરાગ—આવે, પણ તેનો આગ્રહ ન રાખે કે આ જ સાચો માર્ગ છે. તેને જાવું છે તો ઉત્સર્ગમાં, પણ શુદ્ધોપયોગમાં વધુ રહી શકતો નથી તેથી અપવાદમાર્ગ—શુભ રાગ—આવ્યા વગર રહેતો નથી. જે કાળે જે પ્રકારે અપવાદ આવે તેને જાણે; પણ આ જ માર્ગ છે, આ જ બરાબર છે, એમ આગ્રહ રાખી ત્યાં અટકી ન જાય; તેનો પણ વિકલ્પ તોડીને અંદર ઉત્સર્ગમાં જાય—શુદ્ધ-ઉપયોગમાં રમે. માર્ગ આવો છે.

મુમુક્ષુઓને એટલે કે ધર્મની પિપાસાવાળાઓને તેમ જ ધર્મીને અપવાદ—શુભ રાગભાવ—કમજોરીને લઈને આવે પણ તેનો આગ્રહ ન હોય કે આ જ હોય તો ઠીક છે. ખરેખર તો ઉત્સર્ગમાર્ગ—ઉપયોગનું અંદર સ્વરૂપમાં ઠરવું—એ જ ચીજ છે. જ્ઞાનીને ભાન છે : હું શુદ્ધ ચૈતન્ય છું, આનંદ છું, શુભ રાગનો વ્યવહાર—અપવાદમાર્ગ—મારું સ્વરૂપ નથી. પણ ઉપયોગ સ્વરૂપમાં ઠરી શકતો નથી. ત્યાં તે

**આ પૃથ્વીકાયિક આદિ જીવનિકાય પાંચ પ્રકારના,**
**સઘળાય મનપરિણામવિરહિત જીવ એકેંદ્રિય કહ્યા. ૧૧૨.**　—શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

આગ્રહ ન કરે કે શુભ રાગ લાવવો જ નહિ. શુભ આવે તે ઠીક નથી, તેનાથી હું ભ્રષ્ટ થઈ જાઉં છું—એમ ઉત્સર્ગનો એકાંત આગ્રહ ન કરવો.

પ્રવચનસારના ચરણાનુયોગસૂચક ચૂલિકા-અધિકારમાં ઉત્સર્ગ ને અપવાદની ગાથા આવે છે. તે આ વાત છે. ત્યાં ચરણાનુયોગનું વ્યાખ્યાન છે. ત્યાં પણ માર્ગ પ્રગટ થયેલાની જ વાત છે. અંદર શુદ્ધ ચૈતન્યવસ્તુનું ભાન–સમ્યગ્દર્શન થયું છે, જ્ઞાન થયું છે ને સ્વરૂપસ્થિરતા–ચારિત્ર પણ થયું છે; પણ વિશેષ સ્વરૂપસ્થિરતા—શુદ્ધ-ઉપયોગ વિશેષ ન થાય તો તે કાળે આગ્રહ ન કરવો જોઈએ કે, અરે! શુભ આવશે ને હું ભ્રષ્ટ થઈ જઈશ. વચ્ચે શુભભાવ આવે તે અપવાદમાર્ગ છે. અપવાદ આવ્યો એટલે શુદ્ધથી ભ્રષ્ટ થઈ ગયો એમ ન માને-જાણે. શુદ્ધમાં વધુ ટકી શકતો નથી તેથી અપવાદ આવ્યા વિના રહે નહિ એમ પણ એ જાણે. અપવાદ આવે, છતાં ઉત્સર્ગમાં જવાની ભાવના તે કાળે પણ હોય; અપવાદમાં જ રહેવું એવો તેને આગ્રહ ન હોય. અહા ! આવો માર્ગ છે.

'...અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય, પણ જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે.' સ્વરૂપમાં ઠરી શકે તો ઉત્સર્ગમાં જાય, ન ઠરી શકે તો શુભમાં—અપવાદમાં—આવે. જ્ઞાની જાણે છે કે શુભરાગ બંધનું કારણ છે, પણ શુદ્ધમાં ઠરી શકતો નથી તેથી તે વચ્ચે આવે છે; છતાં તે અપવાદ ઉત્સર્ગનું કારણ છે–એમ નથી; શુભ આવ્યો છે માટે તેને લઈને શુદ્ધ થશે–એમ નથી. આવી વાત છે ! આમાં વાદવિવાદ ક્યાં છે બાપુ ? વસ્તુસ્થિતિ જ આવી છે.

સિદ્ધ—સર્વજ્ઞ પરમાત્મા—પૂર્ણ થયા તેને હવે બાધકપણું નથી, પણ નીચે અપૂર્ણ સાધકદશામાં સાધક–બાધકપણું બંને છે. શુદ્ધચૈતન્યની દૃષ્ટિ છે, શુદ્ધ ઉપયોગ થયો છે, છતાં એ શુદ્ધ-ઉપયોગમાં વધુ ટકી શકે નહિ ત્યારે શુભરાગમાં આવ્યા વિના છૂટકો નથી. તે હઠ કરવા જાય કે મારે તો શુદ્ધમાં જ રહેવું છે, શુભમાં આવવું નથી—તો એમ બની શકે નહિ. શુભને અપવાદમાર્ગ કહ્યો છે. અપવાદ એટલે નિંદ્ય ને ? તે આવે ખરો, પણ તે વખતે પણ 'મારે અંદરમાં જ રહેવું છે—સ્વરૂપમાં ઠરી જવું છે; એવી ઉત્સર્ગની ભાવના રહ્યા કરે. મારે અંદર સ્વરૂપમાં જ રહેવું છે એમ એકાંત ઉત્સર્ગનો આગ્રહ કરવા જાય તોપણ ભ્રષ્ટ થઈ જશે; અને શુભમાં આવીને ત્યાં જ મારે રહેવું છે એમ અપવાદનો આગ્રહ કરશે તોપણ ભ્રષ્ટ થઈ જશે. અહા ! આવું વસ્તુસ્વરૂપ છે !

**જેવા જીવો અંડસ્થ, મૂર્છાવસ્થ વા ગર્ભસ્થ છે;**
**તેવા બધા આ પંચવિધ એકેંદ્રિ જીવો જાણજે. ૧૧૩. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

વચનામૃતનાં હિન્દી પુસ્તક બહાર આવશે, લોકો વાંચશે, ધીમે ધીમે બધાના હાથમાં જશે. વાંચશે તો વિરોધીઓ પણ જરા મોળા પડી જશે. ભાઈ ! વાત તો સરસ છે. જેને આગ્રહ છે તે પણ ઢીલા પડી જશે. આપણે તો મધ્યસ્થતાથી કહેવું છે. તત્ત્વ તો આ પ્રમાણે છે. આ તો સર્વજ્ઞની વાણી છે, કોઈના ઘરની વાત નથી. સર્વજ્ઞ-અનુસારી કથન છે, તેમાં પક્ષપાતનો અવકાશ નથી.

અંતરાત્મા ધર્મી જીવને—મુનિને પણ—અપવાદમાર્ગ આવે. મુનિ છઠ્ઠે–સાતમે ગુણસ્થાને ઝૂલતા જ હોય. છઠ્ઠામાં ન જ આવવું–એવો આગ્રહ મુનિને ન હોય.

વિકલ્પ આવ્યા વિના રહે નહિ, છતાં તે છે હેય. સાધક જીવ છે, અંદર પૂરા ઠરી શકે નહિ, પૂર્ણ વીતરાગ થયા નથી, તેથી અપવાદ—શુભ વચ્ચે આવે છે—હોય છે; પણ ધ્યેય તો અંદર ઠરવાનું છે. અહા ! મુનિદશા કેવી હોય તેનો વિચાર તો કરો ! છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા એ મુનિઓ સ્વરૂપમાં ગુપ્ત થઈ ગયા હોય છે.

પ્રચુર સ્વસંવેદન એ જ મુનિનું ભાવલિંગ છે, અને દેહનું નગ્નપણું—વસ્ત્રપાત્ર રહિત નિર્ગ્રંથ દશા—તે તેનું દ્રવ્યલિંગ છે. તેને પણ અપવાદ—વ્રતાદિનો શુભ રાગ આવે, પણ વસ્ત્ર લેવાનો કે પોતાના માટે ચોકા કરીને કરાયેલો અધઃકર્મ આહાર લેવાનો ભાવ તેને હોય નહિ. અહા ! ઋષભદેવ ભગવાનને મુનિદશામાં પ્રથમ છ મહિનાના ઉપવાસ હતા. પછી આહારનો વિકલ્પ ઊઠતો હતો, પણ મુનિની વિધિપૂર્વક આહાર મળતો નહોતો; તેથી વિકલ્પ તોડીને અંદર આનંદમાં રહેતા હતા. આનંદમાં રહેવું એ જ આત્માનું સ્વરૂપ છે.

ભૂખ્યા રહેવું એ તો જડની દશા છે. મુનિ તો અતીન્દ્રિય આનંદમાં કલ્લોલ—લહેર કરતા હોય છે. તેમને તો અતીન્દ્રિય આનંદના ઊભરા આવે છે. અહા ! આવો માર્ગ છે બાપુ ! એને બીજી રીતે માનીશ તો અહિત થઈ જશે. હિત વિના આત્મા જાગૃત ક્યાંથી થશે ? શુભ આવે છે, તેથી શુભ કરતાં કરતાં શુદ્ધ થશે એમ હઠ કરીશ તો તેમાં હિત ક્યાં આવ્યું ? ઊલટું અહિત થયું.

પ્રવચનસારની ૭૭ મી ગાથામાં આચાર્યદેવ કહે છે :

નહિ માનતો—એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,
તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે.

**શંબૂક, છીપો, માતૃવાહો, શંખ, કૃમિ પગ-વગરના**
**—જે જાણતા રસસ્પર્શને, તે જીવ દ્વીંદ્રિય જાણવા. ૧૧૪. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

એ રીતે પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો, તે મોહાચ્છાદિત વર્તતો થકો 'હિંડતિ ઘોરમપારં સંસારં'—ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે.

વ્યવહારે એમ કથન આવે કે અશુભ કરતાં શુભ જરા ઠીક છે, પણ નિશ્ચયથી શુભ ઠીક છે અને અશુભ અઠીક છે એમ તે બેઉમાં જો તફાવત માને તો 'હિંડતિ ઘોરં અપરં સંસારં—ઘોર અપાર સંસારમાં ભમે છે. અરેરે! આવો આગ્રહ તને પ્રભુ? અંદર પ્રભુ તો શાંત અવિકારી અકષાયસ્વરૂપ છે. તેની પ્રતીતિ ને અનુભવ હોય તો અંદરમાંથી અલૌકિક શાંતિ મળે. સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પાંચમા ગુણસ્થાનવાળાને આત્મામાંથી પ્રગટ થયેલી તે અતીન્દ્રિય શાંતિ ઘણી છે. છઠ્ઠાવાળાને તો તેના કરતાં પણ અતિ ઘણી છે. અંદરથી શાંતિનો ભાવ આવ્યો નથી અને જીવ માને છે કે શુભ રાગથી શાંતિ થાય છે. ભાઈ! રાગ તો અશાંતિ છે. અશાંતિથી શાંતિ થાય? રાગ આવે ખરો, મુનિને પણ અપવાદમાર્ગ આવે છે; પરંતુ અપવાદ—રાગ અશાંતિ છે. તો પછી શું કરવા આવે? ભાઈ! એ હજુ સાધક છે, એકલા ઉત્સર્ગમાં રહી શકતો નથી, આત્મામાં પૂર્ણ ઠરી શકતો નથી, તેથી વચ્ચે વિકલ્પ—શુભ રાગ—આવ્યા વિના રહે નહિ. જો અંદર ઠરીને શ્રેણી માંડે તો થઈ રહ્યું—પૂર્ણ વીતરાગ થઈ જાય; પણ શ્રેણી માંડે નહિ ત્યાં સુધી સ્થિરતાની ધારા ન વહે; અને તેથી વચ્ચે વિકલ્પ—શુભ રાગ આવ્યા કરે. જેનાથી પોતાના પરિણામમાં આગળ વધાય તે માર્ગને ગ્રહણ કરે.

**'પણ જો એકાંત ઉત્સર્ગ કે એકાંત અપવાદની હઠ કરે તો તેને વસ્તુના યથાર્થ સ્વરૂપની જ ખબર નથી.'**

મારે તો શુદ્ધ-ઉપયોગમાં જ રહેવું છે એમ હઠ કરે તેને વસ્તુના સ્વરૂપની ખબર નથી. નીચલી દશામાં શુદ્ધ-ઉપયોગ લાંબો કાળ રહી શકે નહિ. શુદ્ધ-ઉપયોગ એ વસ્તુ છે, પણ એનો આગ્રહ—હઠ—એટલો ન હોય કે મારે બસ, તેમાં જ રહેવું છે. ત્યાં તે વધુ રહી શકશે નહિ, શુભરાગ આવશે જ. વળી, શુભરાગ આવે છતાં તેનીય હઠ નહિ કે શુભભાવ આવ્યો માટે હવે મારે આમાં જ રહેવું છે. શુદ્ધ-ઉપયોગ આવ્યા વિના શુભ-ઉપયોગને વ્યવહારે નિમિત્ત પણ નહિ કહેવાય. અપવાદની હઠ કરે તો તેને પણ વસ્તુના યથાર્થ સ્વરૂપની ખબર નથી. અહા! આવો માર્ગ છે! (ક્રમશઃ) ❋

**જૂ, કુંભી, માકડ, કીડી તેમ જ વૃશ્ચિકાદિક જંતુ જે**
**રસ, ગંધ તેમ જ સ્પર્શ જાણે, જીવ ત્રીન્દ્રિય તેહ છે. ૧૧૫. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

## શ્રી નાટક સમયસાર
## અજીવ અધિકારનો સાર,

મોક્ષમાર્ગમાં મુખ્ય અભિપ્રાય કેવળજ્ઞાનાદિક ગુણસંપન્ન આત્માનું સ્વરૂપ સમજાવવાનો છે. પરંતુ જેવી રીતે સોનાની ઓળખાણ કરાવવા માટે સોના સિવાય પિત્તળ આદિનું સ્વરૂપ સમજાવવું અથવા હીરાની ઓળખાણ કરાવવા માટે હીરા સિવાય કાચની ઓળખાણ કરાવવી જરૂરી છે, તેવી જ રીતે જીવ પદાર્થનું સ્વરૂપ દઢ કરાવવાને માટે શ્રીગુરુએ અજીવ પદાર્થનું વર્ણન કર્યું છે. અજીવ તત્ત્વ જીવ તત્ત્વથી સર્વથા ભિન્ન છે અર્થાત્ જીવનું લક્ષણ ચેતના અને અજીવનું લક્ષણ અચેતન છે. આ અચેતન પદાર્થ પુદ્ગલ, આકાશ, ધર્મ, અધર્મ, કાળ નામના પાંચ પ્રકારના છે. તેમનામાંથી પાછળના ચાર અરૂપી અને પહેલો પુદ્ગલ રૂપી અર્થાત્ ઇન્દ્રિયગોચર છે. પુદ્ગલ દ્રવ્ય સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળું છે, એ જીવ દ્રવ્યનાં ચિહ્નોથી સર્વથા પ્રતિકૂળ છે, જીવ સચેતન છે તો પુદ્ગલ અચેતન છે, જીવ અરૂપી છે તો પુદ્ગલ રૂપી છે, જીવ અખંડ છે તો પુદ્ગલ સખંડ (ખંડસહિત) છે. મુખ્યપણે જીવને સંસારમાં ભટકવામાં આ જ પુદ્ગલ નિમિત્તકારણ છે, આ જ પુદ્ગલમય શરીરથી તે સંબદ્ધ છે, આ જ પુદ્ગલમય કર્મોથી તે સર્વાત્મપ્રદેશોમાં જકડાયેલો છે, આ જ પુદ્ગલોના નિમિત્તથી તેની અનંત શક્તિઓ ઢંકાઈ રહી છે, આ જ પુદ્ગલોના નિમિત્તથી તેમાં વિભાવ ઉત્પન્ન થાય છે, અજ્ઞાનના ઉદયમાં આ જ પુદ્ગલોને લીધે રાગ-દ્વેષ કરે છે અથવા આ જ પુદ્ગલોમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરે છે, જો પુદ્ગલ ન હોત તો આત્મામાં અન્ય વસ્તુનો સંબંધ ન થાત, તેમાં વિકાર અથવા રાગ-દ્વેષ ન થાત, સંસારમાં પરિભ્રમણ ન થાત, સંસારમાં જેટલું નાટક છે તે બધું પુદ્ગલજનિત છે.

તમે શરીરમાં ક્યાંય ચિમટીથી દબાવશો તો તમને જણાશે કે આપણને દબાવવામાં આવેલ છે—આપણને દુઃખનું જ્ઞાન થયું છે. બસ, આ જાણવાની શક્તિ રાખનાર જીવ છે તે જ તમે છો, ચૈતન્ય છો, નિત્ય છો, આત્મા છો. આત્મા સિવાય એક બીજો પદાર્થ જેને તમે ચિમટીથી દબાવો છો તે નરમ જેવો કાંઈક મેલો, કાળા જેવો, કાંઈક સુગંધ-દુર્ગંધવાળો જણાય છે તેને શરીર કહે છે. આ શરીર જડ છે, અચેતન છે, નાશવાન છે, પરપદાર્થ છે, આત્મસ્વભાવથી ભિન્ન છે. આ શરીરમાં અહંબુદ્ધિ કરવી

**મધમાખ, ભ્રમર, પતંગ, માખી, ડાંસ, મચ્છર આદિ જે,**
**તે જીવ જાણે સ્પર્શને, રસ, ગંધ તેમ જ રૂપને. ૧૧૬. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

અર્થાત્ શરીર અને શરીર સંબંધી ધન, સ્ત્રી, પુત્રાદિને પોતાના માનવાં એ મિથ્યાજ્ઞાન છે. લક્ષણભેદ દ્વારા નિજ આત્માને સ્વ અને આત્મા સિવાય બધા ચેતન-અચેતન પદાર્થોને પર જાણવા તે જ ભેદવિજ્ઞાન છે, એનું જ નામ પ્રજ્ઞા છે. જેવી રીતે રાજહંસ દૂધ અને પાણીને જુદા જુદા કરી નાખે છે તેવી જ રીતે વિવેકવડે જીવ અને પુદ્ગલ જુદા કરવા, પુદ્ગલોમાંથી અહંબુદ્ધિ અથવા રાગ-દ્વેષ હટાવીને નિજસ્વરૂપમાં લીન થવું જોઈએ અને ''તેરૌ ઘટ સર તામૈં તૂંહી હૈ કમલ તાકૌ, તૂંહી મધુકર હૈ સ્વવાસ પહચાન રે''ની શિખામણનો હંમેશા અભ્યાસ કરવો જોઈએ.

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ)

તેમાં થંભી જવું તે જ ચારિત્ર છે. તે ચારિત્ર તો મુનિપણામાં હોય છે. પ્રથમ અતિચાર રહિત આત્માની શ્રદ્ધા કર્યા પછી જ સ્વરૂપ રમણતારૂપ ચારિત્ર થાય છે. આત્મા અનંત નિર્મળ ગુણનો પીંડ છે તેની શ્રદ્ધા અને એકાગ્રતાના જોરે ક્ષણિક વિકારનો નાશ થાય છે; પણ વિકાર મારો છે એવી વિકારની શ્રદ્ધાથી વિકારનો નાશ થાય નહીં. વિકારનો નાશ કરવા માટે જોર ક્યાંથી આવશે? તે જોર પરવસ્તુમાંથી નહિ આવે, વિકારમાંથી નહિ આવે, નિર્મળ અવસ્થામાંથી પણ તે જોર નહિ આવે, પણ દર્શન, જ્ઞાન, આનંદ વગેરે અનંત ગુણોથી અભેદસ્વરૂપ વસ્તુ છે (જેમાં પર નહિ, અને વર્તમાન અવસ્થા જેટલી પણ નહીં એવી વસ્તુ) તેમાંથી જોર આવે છે. એ વસ્તુની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનમાં એવું શું છે કે પહેલાં જ તેની વાત કરી? તેનું કારણ એ છે કે સમ્યગ્દર્શનનો વિષય આખી વસ્તુ છે, ને તે વસ્તુના જોરે જ ચારિત્ર પ્રગટે છે. શુદ્ધ નિર્મળ સ્વરૂપની શ્રદ્ધાના જોરે ચારિત્ર પ્રગટે છે અને રાગ-દ્વેષનો નાશ થાય છે; માટે પહેલાં સમ્યગ્દર્શનની વાત કરી છે. (ક્રમશઃ) ❊

**જીવનમાં કોઈવાર પહાડ જેવી પણ પ્રતિકૂળતાઓ આવે તો પણ તારી આત્મશ્રદ્ધા ગુમાવીશ નહીં મનને સમતોલ રાખજે, કોઈપણ દુઃખનો ઉકેલ અને અંત હોય છે. તારે બીજા કોઈ સહારાની જરૂર નથી, તારો જ્ઞાયક આત્મા તારી પાસે જ છે.**

**પૂજ્ય બહેનશ્રી**

સ્પર્શાદિ પંચક જાણતાં તિર્યંચ-નારક-સુર-નરો
—જળચર, ભૂચર કે ખેચરો—બળવાન પંચેંદ્રિય જીવો. ૧૧૭. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ



# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)

(ગતાંકથી ચાલુ)

પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે સોનગઢનું જીવન જ જગતથી સાવ નિરાળું હતું. હંમેશા પ્રાતઃ દેવ-ગુરુનાં દર્શન, જિનેન્દ્રપૂજા, બે વાર પૂજ્ય ગુરુદેવનાં અધ્યાત્મરસઝરતાં પ્રવચનો, જિનેદ્રભક્તિ, ભગવાનની આરતી અને તત્ત્વચર્ચા વગેરે કાર્યક્રમ નિયમિત ચાલતો હતો; તે ઉપરાંત સત્સાહિત્યનાં—મૂળ શાસ્ત્રો તથા પ્રવચનગ્રંથોનાં—લાખો પુસ્તકો તથા 'આત્મધર્મ' પત્ર પ્રકાશિત થયાં. સોનગઢમાં તેમજ સૌરાષ્ટ્ર-ગુજરાત તથા ભારતનાં અન્ય ગામોમાં અનેક પંચકલ્યાણકપુરઃસર જિનબિંબ-પ્રતિષ્ઠાઓ, વેદી-પ્રતિષ્ઠાઓ થઈ. તે માટે તથા તીર્થયાત્રાદિનિમિત્તે ભારતવર્ષમાં અનેકવાર ગુરુદેવના જિનશાસન-પ્રભાવકારી મંગળ વિહારો થયા; લાખો માણસોએ ગુરુદેવની અશ્રુતપૂર્વ અધ્યાત્મદેશના સાંભળી ને હજારો માણસોમાં ધર્મની રુચિ ઉત્પન્ન થઈ. આ રીતે વિધવિધ પ્રકારે કલ્પનાતીત વ્યાપક ધર્મોદ્યોત ગુરુદેવ દ્વારા થયો.



આ અસાધારણ ધમોદ્યોત સ્વયમેવ વિના પ્રયત્ને સાહજિક રીતે થયો છે. ગુરુદેવે ધર્મપ્રભાવના માટે કદી કોઈ યોજના વિચારી નહોતી. મંદિર બનાવવાની, પ્રતિષ્ઠાઓ કરાવવાની, પુસ્તકો છપાવવાની કે ધાર્મિક વર્ગો ચલાવવાની—એવી કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિઓમાં તેઓ કદી પડતા નહિ. તે તેમની પ્રકૃતિમાં જ નહોતું. મુનિને કોઈ

**નર કર્મભૂમિજ ભોગભૂમિજ, દેવ ચાર પ્રકારના,**
**તિર્યંચ બહુવિધ, નારકોના પૃથ્વીગત ભેદો કહ્યા. ૧૧૮. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

કર્મપ્રક્રમના પરિણામ ન હોય અર્થાત્ મુનિ કોઈ પ્રવૃત્તિનાં કામ માથે ન લે—એ પ્રવચનસારની વાતનું વિવરણ કરતાં, જાણે કે પોતાના હૃદયની વાત શાસ્ત્રમાંથી મળી આવી હોય તેમ, તેઓ બહુ ખીલી ઊઠતા. તેમનું સમગ્ર જીવન નિજકલ્યાણસાધનાને સમર્પિત હતું. જગત જગતનું જાણે, મારે મારું કરવું છે—એ એમનું હૃદય હતું. "**आप मुए सब डूब गई दुनिया**" એમ કબીરે ગાયું છે પરંતુ ગુરુદેવને તો જીવતાં જ '**मेरे लिए तो कोई है नहीं दुनिया**' એવી પરિણતિ જીવનમાં વણાઈ ગઈ હતી. અહા ! કેવી આશ્ચર્યકારી નિઃસ્પૃહ દશા !

તેઓશ્રીએ જે સુધાઝરતી આત્માનુભૂતિ પ્રાપ્ત કરી હતી, જે કલ્યાણકારી તથ્યોને આત્મસાત્ કર્યાં હતાં, તેની અભિવ્યક્તિ 'વાહ ! આવી વસ્તુસ્થિતિ !' એમ વિવિધ પ્રકારે સહજભાવે ઉલ્લાસપૂર્વક તેમનાથી થઈ જતી, જેની ઊંડી આત્માર્થપ્રેરક અસર શ્રોતાઓનાં હૃદય પર પડતી. મુખ્યત્વે આવા પ્રકારે તેમની દ્વારા સહજપણે ધર્મોદ્યોત થઈ ગયો હતો.

પૂજ્ય ગુરુદેવના નિમિત્તે આવી પ્રબળ બાહ્ય પ્રભાવના થઈ હોવા છતાં તે સહજપણે થઈ હતી. ગુરુદેવને બહારમાં જરા પણ રસ હતો નહિ. તેમનું જીવન તો આત્માભિમુખ હતું. તેમનો દૈનિક ક્રમ પ્રાયઃ નિજ જ્ઞાન, ધ્યાન ને શાસ્ત્રસ્વાધ્યાયમાં વ્યતીત થતો. દેવદર્શન, શાસ્ત્રપ્રવચન, જિનેન્દ્રભક્તિ અને તત્ત્વચર્ચા સિવાય અન્ય પ્રવૃત્તિ પ્રત્યે ઉપેક્ષાભાવ વર્તતો હતો. ન કદી કોઈની સાથે લવથવ કરતા, કે ન કદી પુસ્તકપ્રકાશન વગેરે બાહ્ય કાર્યોમાં રસ લેતા. ગુરુદેવની પરિણતિ એવી આત્મોન્મુખી અને વૈરાગ્યપરિણત હતી કે તેમને સરસ-નીરસ આહાર પ્રત્યે લક્ષ પણ જતું નહીં. હંમેશા સાદો આહાર લેતા. જે આહાર આવે તેને ઉપેક્ષિત તેમજ ઉદાસભાવે વાપરી લેતા. તેમનું જીવન કેવળ આત્માભિમુખ હતું. તેઓ જગતથી સાવ ઉદાસ ઉદાસ હતા. ગુરુદેવના પરમ પાવન આદર્શ જીવનથી, તેમની પવિત્ર અધ્યાત્મસાધનાથી, પ્રભાવિત થવાને લીધે જિજ્ઞાસુઓનાં ટોળે ટોળાં હજારોની સંખ્યામાં પૂજ્ય ગુરુદેવની અધ્યાત્મરસઝરતી વાણી પ્રત્યે આકર્ષાયાં. હજારો ભક્તોનાં શ્રદ્ધાજીવન ને ભક્તિજીવન ગુરુદેવનાં પુનિત ચરણોમાં અર્પાયાં. અહા! ગુરુદેવના પ્રતાપે, રણમાં મીઠી વીરડીની જેમ, પંચમકાળના આ ભૌતિક વિલાસના વિષમય યુગમાં ચતુર્થકાળનો અંશ—ધર્મકાળ પ્રવર્ત્યો. ખરેખર ગુરુદેવે આ કાળે અનેકાંતસુસંગત શુદ્ધાત્મવિદ્યાનો નવયુગ પ્રવર્તાવ્યો છે. (ક્રમશઃ) ❋

**ગતિનામ ને આયુષ્ય પૂર્વનિબદ્ધ જ્યાં ક્ષય થાય છે,**
**ત્યાં અન્ય ગતિ-આયુષ્ય પામે જીવ નિજલેશ્યાવશે. ૧૧૯. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શ કરતું નથી, અડતું નથી, ચુંબતું નથી તેથી સમયસાર ગાથા ૩માં કહ્યું છે કે આત્મા શરીરને તેમજ એક શરીર બીજાના શરીરને અડતા નથી. જીવ ખોરાકને લઈ શકતો નથી. ભાષા બોલી શકતો નથી. પર વસ્તુ ચોરી શકાતી નથી. ધન-ધાન્ય આદિ ગ્રહણ કરી શકાતા નથી તો મુનિઓ હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મ ને પરિગ્રહનો ત્યાગ શા માટે કરે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ ! એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું કે અડતું નથી તે તો મહાસિદ્ધાંત છે. વસ્તુસ્થિતિ એમ જ છે. એક દ્રવ્ય બીજા જીવ કે પુદ્‌ગલદ્રવ્યને અડતું કે સ્પર્શ કરતું જ નથી અને અન્ય દ્રવ્યની ક્રિયાથી જીવને બંધ પણ થતો જ નથી, પરંતુ ત્યાં વિશેષ એ છે કે પરદ્રવ્યના લક્ષે થતાં રાગાદિ ભાવો જીવને બંધનું કારણ થતાં હોવાથી હિંસાદિ પોતાના પાપ ભાવોનો મુનિ ત્યાગ કરે છે તેથી તે રાગાદિ પાપ ભાવોના ત્યાગના નિમિત્તભૂત બાહ્ય હિંસાદિ પરદ્રવ્યોની ક્રિયાનો ત્યાગ કર્યો તેમ ઉપચારથી કહેવાય છે.

શ્રોતા :—જ્ઞાન વગરનો વૈરાગ્ય તે રુંધાયેલો કષાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા, આત્માના જ્ઞાન-ભાન વિનાના કષાયની મંદતાના વૈરાગ્યરૂપ પરિણામમાં કષાય દબાયેલો છે, કષાય ટળ્યો નથી. એ દબાયેલો-રુંધાયેલો કષાય ફાટશે ત્યારે નરક નિગોદમાં ચાલ્યો જાશે. ભલે બહારથી સ્ત્રી પુત્રાદિ છોડ્યા હોય પણ આત્માના ભાન વિનાનો કષાય ટળતો નથી, દબાય છે અને કાળક્રમે ફાટતા તીવ્ર કષાય થાય છે.

શ્રોતા :—ભાવલિંગી મુનિનું લક્ષણ શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અંતર્મુહૂર્તમાં છઠ્ઠા–સાતમાં ગુણસ્થાને આવ્યા કરે તે ભાવલિંગી મુનિનું લક્ષણ છે. છઠ્ઠા ગુણસ્થાને પણ અંદર શુદ્ધ પરિણતિ રહે છે તે ભાવલિંગીપણું છે. મુનિદશામાં તો આનંદનું પ્રચુર સ્વસંવેદન હોય છે, ચોથા-પાંચમા ગુણસ્થાને આનંદનું વેદન હોય છે પણ અલ્પ છે, પ્રચુર આનંદનું વેદન તો ભાવલિંગી મુનિને હોય છે. (ક્રમશઃ) ❊



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

* શ્રોતા :—અલગ અલગ આત્મા છે કે સૃષ્ટિમાં એક જ આત્મા છે અને તેના બધા અંશ છે ?

પૂજ્ય બહેનશ્રી :—બધા અલગ અલગ આત્મા છે, એક આત્માના અંશ નથી. જગતની અંદર દરેક દ્રવ્યો જુદાં છે, સ્વતંત્ર છે. જો બધા એક આત્માના અંશ હોય તો એકને દુઃખનાં પરિણામ આવે છે અને બીજાને બીજાં પરિણામ આવે છે. અર્થાત્ દરેકનાં પરિણામ એકસરખાં હોતાં નથી. એમ કેમ બને ? એક અંશ હોય તો એકને દુઃખ થાય તો બીજાને પણ દુઃખ થવું જોઈએ. પરંતુ કોઈ મોક્ષે જાય, કોઈ સ્વાનુભૂતિ કરે, કોઈ અંતર આત્માને ઓળખે ને કોઈ આત્માને ઓળખતા નથી. કોઈને જન્મ-મરણ ઊભાં રહે છે અને કોઈની મુક્તિ થાય છે. આવા ભેદો પડે છે માટે દરેક આત્મા સ્વતંત્ર છે. કોઈના અંશો કોઈમાં નથી, દરેક સ્વતંત્ર આત્મા છે. જે વીતરાગ થાય છે તે સ્વતંત્રપણે રાગ-દ્વેષ છોડીને થાય છે. પછી તેને વિભાવ હોતો જ નથી. દરેક આત્મા સ્વતંત્ર છે. પોતે રાગ-દ્વેષ કરે તેમાં પણ સ્વતંત્ર અને વીતરાગતા કરે તેમાં પણ સ્વતંત્ર છે. દરેક પર્યાય પોતાના પુરુષાર્થથી કરે છે માટે દરેક આત્મા સ્વતંત્ર છે. જો બધા એક આત્માના અંશ હોય તો કોઈ મોક્ષે જાય, કોઈ સંસારમાં રહે એમ બને નહિ. માટે દરેક આત્મા સ્વતંત્ર છે.

પ્રશ્ન :—ભાવના તો પ્રબળ છે, પરંતુ સાથે એકત્વ પણ છે ?

સમાધાન :—ભાવના સાથે રાગ જોડાયેલો છે, પણ ભાવનાની પાછળ અંદરની પરિણતિ પોતા તરફ જોરદાર હોય કે મારે આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એવી પરિણતિ—એવી યોગ્યતા—અંદરમાંથી પ્રગટ થાય છે. જેને પોતાની રુચિ અંદરથી જાગે છે કે મારે આ કાંઈ જોઈતું નથી તેની રુચિ ક્યાંય ટકતી નથી, પણ એક આત્મા તરફ જ જાય છે. વર્તમાનમાં રાગ છે, પણ રાગની સાથે ભાવનાની પરિણતિ એવી જોરદાર હોય કે આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એવી અંદરમાંથી આત્માની કોઈ અપૂર્વતા લાગે કે જેના વગર ક્યાંય તેને શાંતિ થતી નથી. જેને અંતરમાંથી એવી ભાવના લાગેલી હોય તેને પ્રાપ્ત થયા વગર રહે જ નહિ. તે પ્રાપ્ત થાય જ.

## બાળ વિભાગ

## વજ્રકુમાર

હસ્તિનાપુરમાં બળરાજને ગરુડ નામનો પુરોહિત હતો. તેનો પુત્ર સોમદત્ત હતો. બધાં શાસ્ત્રો ભણીને અહિચ્છત્રપુરમાં પોતાના મામા સુભૂતિ પાસે જઈને તેણે કહ્યું : “મામા ! મને દુર્મુખરાજની મુલાકાત કરાવો.” પણ તે અભિમાનીએ મુલાકાત ન કરાવી. તેથી તે ગ્રહિલ (જક્કી) બનીને પોતે જ સભામાં જઈને તેની મુલાકાત લીધી. તેને આશીર્વાદ આપી, સર્વ શાસ્ત્રોમાં નિપુણતા બતાવી અને મંત્રીપદ પ્રાપ્ત કર્યું. તેને આવો જોઈને સુભૂતિ મામાએ (પોતાની) પુત્રી યજ્ઞદત્તા તેની સાથે પરણાવી.

એક દિવસ તેની ગર્ભવતી સ્ત્રીને વર્ષાકાલમાં (ચોમાસામાં) કેરી ખાવાનો દોહદ થયો. પછી સોમદત્તે ઉદ્યાન વનની અંદર ફળોની તપાસ કરતાં જે આમ્રવૃક્ષની નીચે સુમિત્રાચાર્યે યોગ ધારણ કર્યો હતો, તેને વિવિધ ફળોથી ચલિત જોઈ તેમાંથી (તે વૃક્ષ ઉપરથી) તે (ફળો) લઈને (કોઈ) પુરુષ સાથે મોકલી આપ્યાં અને પોતે ધર્મશ્રવણ કરીને ઉદાસીન થયો અને તપ ગ્રહણ કરીને, આગમનો અભ્યાસ કરીને બહુ પરિપક્વ બની નાભિ પર્વત ઉપર આતપન આદરીને રહ્યો.

યજ્ઞદત્તાએ પુત્રને જન્મ આપ્યો. પતિ મુનિ થવાના સમાચાર સાંભળીને તે તેના ભાઈઓ પાસે ચાલી ગઈ. તેની (પુત્રની) શુદ્ધિ જાણીને તે ભાઈઓ સાથે નાભિ પર્વત પર ગઈ અને ત્યાં તેને આતપન યોગમાં બેઠેલો જોઈ, ઘણા કોપથી તેના પગ ઉપર બાળકને રાખીને તથા દુર્વચનો કહીને તે ઘેર ગઈ.

આ દરમિયાન દિવાકરદેવ નામના વિદ્યાધરે અમરાવતી પુરીના પુરંદર નામના નાનાભાઈને રાજ્યમાંથી કાઢી મૂક્યો. તે તેની સ્ત્રી સાથે મુનિને વંદના કરવા આવ્યો. તે બાળકને લઈને પોતાની સ્ત્રીને સોંપી તેનું વજ્રકુમાર નામ પાડીને ગયો. તે વજ્રકુમાર કનકનગરમાં પોતાના મૈથુનિક (જોડિયા) ભાઈ વિમલવાહન પાસે સર્વ વિદ્યાઓમાં પારંગત થયો અને ક્રમે ક્રમે યુવાન થયો.

પછી ગરુડવેગ અને અંગવતીની પુત્રી પવનવેગા હેમન્ત પર્વત ઉપર મહાશ્રમથી પ્રજ્ઞપ્તિ વિદ્યા સાધતી હતી. પવનથી કંપિત થયેલી બદરી (બોરડી)ના વજ્રકંટકથી તેની આંખ વિંધાઈ ગઈ. તેથી તેની પીડાથી ચલિત થયેલા ચિત્તવાળી (પવનવેગા)ને વિદ્યા સિદ્ધ થઈ નહિ. પછી વજ્રકુમારે તેને તેવી જોઈને વિજ્ઞાનથી કાંટો કાઢ્યો, પછી સ્થિર ચિત્તવાળી તેને

**આ ઉક્ત જીવનિકાય સર્વે દેહસહિત કહેલ છે,**
**ને દેહવિરહિત સિદ્ધ છે; સંસારી ભવ્ય-અભવ્ય છે. ૧૨૦. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

(પવનવેગાને) વિદ્યા સિદ્ધ થઈ અને તેણે કહ્યું : ''આપની કૃપાથી આ વિદ્યા સિદ્ધ થઈ છે, તેથી તમે જ મારા પતિ છો.'' એમ કહીને તે તેની સાથે પરણી.

વજ્રકુમારે કહ્યું : ''તાત! હું કોનો પુત્ર છું ? સાચું કહો. તે કહેશો તો જ ભોજનાદિમાં મારી પ્રવૃત્તિ થશે.'' પછી તેણે બધું પૂર્વવૃત્તાંત સાચેસાચું કહ્યું. તે સાંભળીને પોતાના ગુરુનાં (પોતાના પિતાનાં) દર્શન કરવા માટે બંધુઓ સાથે મથુરામાં ક્ષત્રિય ગુફામાં ગયો. ત્યાં સોમદત્તના ગુરુને વંદના કરી, દિવાકરદેવે તેમને હકીકત કહી. મહાકષ્ટથી સમસ્ત બંધુવર્ગનું વિસર્જન કરી વજ્રકુમાર મુનિ થયો.

આ દરમિયાન મથુરામાં એક બીજી કથા (ઘટના) થઈ—

ત્યાં પૂતિગંધ રાજા હતો, તેને ઉર્વિલા રાણી હતી, તે સમ્યગ્દૃષ્ટિ હતી અને જિનધર્મની પ્રભાવનામાં ઘણી રત રહેતી હતી. તે દર વર્ષે નંદીશ્વરના આઠ દિવસ જિનેન્દ્રની રથયાત્રા ત્રણવાર કરાવતી. તે જ નગરીમાં સાગરદત્ત શેઠ હતો, તેની શેઠાણીનું નામ સમુદ્રદત્તા હતું અને પુત્રીનું નામ દરિદ્રા હતું. સાગરદત્ત મરી ગયો ત્યારે દરિદ્રા એક દિવસ પારકે ઘેર નાખી દીધેલા (રાંધેલા) ભાત તે ખાતી હતી. ચર્યા માટે પ્રવેશેલા બે મુનિઓ દ્વારા તે જોવામાં આવી. તેથી નાના મુનિએ કહ્યું : ''અરે ! બિચારી મહાકષ્ટથી જીવી રહી છે.'' તે સાંભળી મોટા મુનિએ કહ્યું : ''અહીંના રાજાની તે માનીતી પટરાણી થશે.''

ભિક્ષા માટે ભ્રમણ કરતાં ધર્મશ્રીવંદકે તેમનું વચન સાંભળી 'મુનિએ ભાખેલું અન્યથા હોય નહિ' એમ વિચારી તેને પોતાના વિહારમાં લઈ જઈ પુષ્ટ (સારો) આહાર આપી પોષણ કર્યું. એક દિવસ યૌવનભર ચૈત્ર માસમાં (ભર ચૈત્ર માસમાં) રાજાએ તેને આનંદમાં હિલોરા લેતી (હિચકતી) જોઈ અને બહુ વિરહ અવસ્થાને પ્રાપ્ત થયો, તેથી મંત્રીઓએ તેના માટે વંદક (બૌદ્ધ સાધુ) પાસે જઈ તેની માગણી કરી.

તેણે કહ્યું : ''જો રાજા મારો ધર્મ સ્વીકારે તો હું તેને દઉં.''

તે બધાનો સ્વીકાર કરતાં તેણે તેને પરણાવી અને તેની (રાજાની) અતિપ્રિય પટ્ટમહાદેવી બની. ફાગણ માસની નંદીશ્વરની યાત્રામાં મહારાણી ઉર્વિલાની રથયાત્રાનો મોટો ઠાઠ જોઈ, તેણે કહ્યું : ''દેવ! મારો બુદ્ધનો રથ હવે નગરીમાં પ્રથમ ફરે.'' રાજાએ કહ્યું : ''તેમ થશે.'' આથી ઉર્વિલાએ કહ્યું : ''મારો રથ જો પ્રથમ ફરશે તો જ મારી આહારાદિમાં પ્રવૃત્તિ થશે, નહિતર તેમાં નિવૃત્તિ છે.'' આવી પ્રતિજ્ઞા લઈને ક્ષત્રિય ગુફામાં રહેલા સોમદત્ત આચાર્ય પાસે ગઈ. તે દરમિયાન વજ્રકુમાર મુનિની વંદના—ભક્તિ માટે આવેલા દિવાકર દેવાદિ વિદ્યાધરોને, તેનું વૃત્તાંત સાંભળીને, વજ્રકુમાર મુનિએ કહ્યું : ''પ્રતિજ્ઞારૂઢ ઉર્વિલાની

**રે! ઇન્દ્રિયો નહિ જીવ, ષડ્વિધ કાય પણ નહિ જીવ છે;**
**છે તેમનામાં જ્ઞાન જે બસ તે જ જીવ નિર્દિષ્ટ છે. ૧૨૧. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

રથયાત્રા તમારે કરાવવી જોઈએ.'' તેથી તેઓએ બુદ્ધદાસીનો રથ ભાંગીને અનેક વિભૂતિથી ઉર્વિલાની રથયાત્રા કરાવી. તેનો અતિશય દેખીને બુદ્ધની દાસી પ્રતિબોધને પામેલી અને અન્ય જનો જિનધર્મમાં રત થયા.

સમ્યગ્દર્શનનાં નિઃશંકિતાદિ આઠ અંગ છે. અંગનો અર્થ અવયવ, સાધન, કરણ અને લક્ષણ યા ચિહ્‌ન થાય છે. સમ્યગ્દર્શન અંગી છે અને નિઃશંકિતાદિ આઠ અંગ છે. સમ્યગ્દર્શન સાધ્ય છે અને નિઃશંકિતાદિ સાધન છે. જે સમ્યગ્દષ્ટિ હોય છે તેને નિઃશંકિતાદિ આઠ ચિહ્‌નો જરૂર હોય છે.

આ આઠ અંગમાં પ્રથમ નિઃશંકિતાદિ ચાર અંગ નિષેધરૂપ છે અને બાકીનાં ઉપગૂહનાદિ ચાર અંગ વિધેયરૂપ છે.

''.......કોઈ કાર્યમાં શંકા–કાંક્ષા ન કરવા માત્રથી તો સમ્યક્ત્વ ન થાય. સમ્યક્ત્વ તો તત્ત્વશ્રદ્ધાન થતાં જ થાય છે, પરંતુ અહીં નિશ્ચય સમ્યક્ત્વનો તો વ્યવહારસમ્યક્ત્વમાં ઉપચાર કર્યો છે. તથા વ્યવહાર સમ્યક્ત્વના કોઈ એક અંગમાં સંપૂર્ણ વ્યવહારસમ્યક્ત્વનો ઉપચાર કર્યો, એ પ્રમાણે તેને ઉપચારથી સમ્યક્ત્વ થયું કહીએ છીએ......''

જેણે સમ્યક્ત્વ પ્રગટ કર્યું હોય તેને આ ઉપચાર લાગુ પડે છે. મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગીને આ ઉપચાર લાગુ પડતો નથી, કેમ કે તેને સમ્યક્ત્વ થયું નથી.

---

## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૨૫મા જન્મજયંતી મહોત્સવ તથા પૂજ્ય બહેનશ્રીના ૧૦૦મા જન્મજયંતી મહોત્સવ અંતર્ગત યોજાયેલી ધાર્મિક શિક્ષણ શિબિરોની વિગત

(૧૭) તા. ૩૦-૩-૧૪ સુરેન્દ્રનગર(સૂર્યકીર્તિ જિનાલય)માં ઉત્સવની પત્રિકાલેખન તથા શિબિર

(૧૮) તા. ૩૦-૩-૧૪ સુરેન્દ્રનગર(શાંતિનાથ જિનાલય)માં ઉત્સવની પત્રિકાલેખન તથા શિબિર

(૧૯) તા. ૩૦-૩-૧૪ રાજકોટ એક દિવસ

(૨૦) તા. ૩૦-૩-૧૪ હૈદ્રાબાદ


(૨૧) તા. ૩૦-૩-૧૪ દાદર મુમુક્ષુ મંડળ

(૨૨) તા. ૧૮-૫-૧૪ શ્રી શાંતિનાથ દિગંબર જૈન મુમુક્ષુ મંદિર, સુરેન્દ્રનગર

(૨૩) તા. ૧૧-૫-૧૪ શ્રી દાદર મુમુક્ષુ મંડળ

ઉપરોક્ત શિબિરો શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અંતર્ગત યોજવામાં આવી હતી તથા દરેક શિબિરમાં સોનગઢથી મોકલવામાં આવેલા અધ્યાપકોએ અધ્યાપન કરાવ્યું હતું. તદુપરાંત પૂજા-ભક્તિ તથા પૂજ્ય ગુરુદેવશ્રીનાં સીડી પ્રવચનોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વઢવાણ નગરના મુમુક્ષુઓએ દરેક માસની વદ બીજના દિવસે આ પ્રકારની શિબિરોનું આયોજન વિશેષપણે કર્યું છે.

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત



# મોક્ષમાર્ગપ્રકાશક અધ્યયન વર્ષ

### સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ

### પ્રશ્નપત્ર ક્રમાંક-૭ (કુલ માર્ક્સ-૫૦)

**અભ્યાસ ક્રમ –મોક્ષમાર્ગપ્રકાશક : અધ્યાય સાતમો (વ્યવહારાભાસીનું સ્વરૂપ)**

પરીક્ષાર્થીનું નામ : ...................................................... ઉંમર : ..........
મંડળનું નામ : .................................................. ગામનું નામ : ................
ફોન નં.: ...................................................... તા. ૨૫-૫-૨૦૧૪

સૂચના : **(૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.**
**(૨) પ્રશ્નોના ઉત્તર મોક્ષમાર્ગપ્રકાશક આધારિત આપવાના રહેશે.**

**પ્રશ્ન-૧ નીચેનામાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના પાંચ લીટીમાં ઉત્તર આપો. (૨૦)**

(૧) જિનાગમમાં વ્યવહાર(નય)ની મુખ્યતાથી ઉપદેશ છે તેને માનતો હોવા છતાં વ્યવહારાભાસીને શા માટે મિથ્યાત્વ છે?
(૨) જેઓ કુળ પરંપરાથી (સાચા) જૈની છે, તે પ્રમાણે પ્રવર્તે પણ છે, છતાં તેઓ શા માટે મિથ્યાદૃષ્ટિ છે?
(૩) ધર્મબુદ્ધિથી ધર્મ ધારણ કરનાર પણ શા માટે મિથ્યાદૃષ્ટિ છે? તેને વ્યવહારાભાસીના પ્રકરણમાં શા માટે લેવામાં આવેલ છે.
(૪) સમ્યગ્જ્ઞાન વિષે વ્યવહારાભાસીની શું માન્યતા છે?
(૫) "સમ્યગ્દૃષ્ટિ પરદ્રવ્યોને પોતાના જાણતો નથી" તો કોને પોતાના જાણે છે? શા માટે?
(૬) સમ્યગ્દૃષ્ટિ શુભભાવને હેય માનતો હોવા છતાં પ્રશસ્તરાગનો ઉપાય કેમ રાખે છે?
(૭) નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વ્યવસ્થા જિનાગમમાં ક્યા પ્રકારે બતાવી છે?

**પ્રશ્ન-૨ વિગતવાર ઉત્તર આપો. (કોઈપણ ત્રણ)(પાંચ થી ૬ લીટીમાં) (૧૫)**

(૧) સાંસારિક પ્રયોજન અર્થે ધર્મસાધના કરે તે શા માટે મિથ્યાદૃષ્ટિ છે? તેનાથી શું નુકશાન થાય છે?
(૨) વ્યવહારાભાસીની દેવભક્તિનું અન્યથારૂપ.
(૩) વ્યવહારાભાસીની શાસ્ત્રભક્તિનું અન્યથારૂપ.
(૪) વ્યવહારભાસીની ગુરુભક્તિનું અન્યથારૂપ.
(૫) દ્રવ્યલિંગીના ધર્મસાધનમાં અયથાર્થપણું.

**પ્રશ્ન-૩ નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૪)**

(૧) સરાગ ચારિત્ર કોને કહેવાય છે?
(૨) વીતરાગ ચારિત્ર કોને કહેવાય છે? તે કોને અને ક્યારે હોય છે?
(૩) સમ્યક્ચારિત્ર નામ ક્યારે મળે છે?
(૪) દ્રવ્યલિંગી મુનિને શાસ્ત્રમાં મિથ્યાદૃષ્ટિ અસંયમી જ કહ્યો છે? શા માટે?

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૮ ઉપર)

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા પૂજ્ય ગુરુદેવશ્રી ૧૨૫મા જન્મ મહોત્સવના સૌજન્યકર્તાઓ દ્વારા અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિવિધ અદ્‌ભુતતાયુક્ત અત્યાનંદોલ્લાસથી ઊજવાયેલ

# પરમ ઉપકારી કહાન ગુરુદેવનો મહામંગલકારી ૧૨૫મો જન્મ મહોત્સવ

### અષ્ટાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત વિશુદ્ધ અધ્યાત્મધારાના સાતિશય પ્રભાવક અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૨૫મો ભક્તવૃંદઆનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ–અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૪-૪-૨૦૧૪ થી તા. ૧-૫-૨૦૧૪ સુધી અષ્ટાહ્નિક, ગુરુ-મહિમાદ્યોતક વિભિન્ન રોચક કાર્યક્રમ સહ અતિ ભવ્ય સમારોહપૂર્વક પ્રચુર આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. મુમુક્ષુ સમાજના સર્વે સદસ્યોને આ ગુરુ–જન્મોત્સવને અતિશય આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનો ઉત્સાહ હતો.

### ગુરુ-ભક્તિની પ્રેરણાદાત્રી

સ્વાનુભૂતિવિભૂષિત વીતરાગમાર્ગના દાતા, પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃત-ભાવભીના ભક્ત્યુલ્લાસના આ મંગલ અવસર પર, કહાનગુરુ–ઉપકારમહિમા બતાવનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઉપકૃતભાવભીની પવિત્ર સ્મૃતિ સર્વે મુમુક્ષુઓને પોતાના સ્મૃતિપટ પર બરાબર ઉપસી આવતી હતી. જાણે સુવર્ણપુરીના અંતરીક્ષમાં તેઓની પરોક્ષ મંગલ ઉપસ્થિતિ જ મુમુક્ષુ ભક્તોને ગુરુભક્તિની સાતિશય ઉલ્લાસભરી પ્રેરણા આપતી હતી. શ્રી દિગંબર જૈન સ્વાધ્યામંદિર ટ્રસ્ટ સોનગઢ દ્વારા આયોજિત આ પવિત્ર જન્મજયંતી–સમારોહમાં સર્વે મુમુક્ષુસમાજે તે કલ્યાણી મૂર્તિની ભક્તિપ્રેરણા ઝીલીને આ ૧૨૫મો ગુરુ–જન્મોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યો.

### ધર્મપ્રભાવનાપૂર્ણ આયોજન

ગુરુ–જન્મોત્સવની આ પવિત્ર વેળાએ ભારતના વિવિધ પ્રાંતોમાંથી તથા વિદેશમાંથી લગભગ ૩૦૦૦ થી અધિક ગુરુભક્તો આવ્યા હતા. જેઓ અહીંના આત્મહિતપોષક કાર્યક્રમોથી ખૂબ જ પ્રસન્ન દેખાતા હતા. પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતા પ્રતિ સમર્પિત શ્રદ્ધાજીવનયુક્ત મુમુક્ષુઓ દ્વારા, આ ગુરુ–જન્મોત્સવ વસ્તુતઃ સર્વેને ધર્મપ્રભાવના વૃદ્ધિકારી તથા આનંદદાયી અનુભૂત થયો હતો.

### પૂજન મંડપમાં શ્રી જિનસહસ્રવસુનામ પૂજનનું ભવ્ય આયોજન

વિધાનના પ્રારંભમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ પોપટલાલ વોરા તથા ટ્રસ્ટીઓ દ્વારા મંગલ ધ્વજારોહણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પૂજન મંડપમાં ભાવી તીર્થાધિનાથના ભવ્ય સમવસરણની રચનાનું કલાત્મક મંડલ તૈયાર કરવામાં

આવ્યું હતું. પૂજન મંડપમાં બનાવવામાં આવેલી ભાવી ભગવાન શ્રી સૂર્યકીર્તિનાથના સમવસરણની રચના ઘણી જ ઉત્કૃષ્ટ હતી. ચતુર્મુખ પ્રતિષ્ઠિત ભાવી ભગવાનને બિરાજમાન કરવામાં આવ્યા હતા. સમવસરણમાં પધારેલા સો ઈન્દ્રો તથા દેશવિદેશના રાજવીઓથી સમવસરણ આબેહૂબ લાગતું હતું. તેમાં મુનિસભામાં શ્રી દેવેન્દ્રકીર્તિ ગણધર ભગવાનની ઉપસ્થિતિ સૌને અત્યંત પ્રિય લાગી હતી. સમવસરણમાં સૌધર્મ ઈન્દ્ર બનવાનો લાભ શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ કામદાર, સુરતને તથા ચક્રવર્તીપદનો લાભ શ્રી વિપુલભાઈ મોદી પરિવાર, ઘાટકોપરને મળ્યો હતો. શ્રી જિન સહસ્રવસુનામ પૂજનમાં આવતા એક હજાર આઠ અર્ઘના પ્રતિકરૂપે સોનેરી અષ્ટમંગલ દ્રવ્યો તથા ૐ અને 卐 મૂકવામાં આવ્યાં હતાં તે મુમુક્ષુભાઈ બહેનોને ખૂબ જ પસંદ આવ્યાં હતાં. જે પ્રાપ્ત કરનાર દાતાઓને શ્રીફળના ગોળા ચઢાવવાનો લાભ પણ પ્રાપ્ત થયો હતો. સર્વે મુમુક્ષુઓએ આ પૂજન વિધાનનો અત્યંત ભક્તિ-ઉલ્લાસથી લાભ લીધો હતો.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ગુરુભક્તિ–પદોથી અંકિત ભવ્ય 'બેનર' તથા વિવિધ ભવ્ય સજાવટોથી વિભૂષિત મનોહર મંડપમાં ક્રમશઃ સવારે પૂજ્ય બહેનશ્રીની દેવગુરુભક્તિ તથા સ્વાનુભવ-રસભીની વિડિયો-ધર્મચર્ચા, પૂજન મંડપમાં શ્રી જિનસહસ્રવસુનામ પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર ઉપર અધ્યાત્મ–રસપૂર્ણ સીડીપ્રવચન, પ્રાસંગિક–ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ; બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, જિનેન્દ્રભક્તિ, શિક્ષણવર્ગ, સાંજે વિવિધ સાંજી તથા રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ.–આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારુરૂપે ચાલતો હતો. આ મહોત્સવમાં મંડપ મોટો બાંધવામાં આવ્યો હતો છતાં વિધાન પૂજા, પ્રવચન તથા ભક્તિના પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી જગ્યા પૂરી ભરાઈ જતી હતી. તેમજ પૂજન મંડપમાં સો ઈન્દ્રો દ્વારા પણ ભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર–પારણાઝૂલન

વાર્ષિક ગુરુ–જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૨૯-૪-૨૦૧૪ના દિવસે સાંજે 'ધાતકી–વિદેહના ભાવિ–તીર્થંકરદેવ'ના સમવસરણ–વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ભવ્ય રથની ગંધકૂટી પર બિરાજમાન ભાવિ–ભગવાનનો સમવસરણવિહાર સર્વે ભક્તોને અતિ આનંદપ્રદ અનુભૂત થતો હતો. રથમાં જિનેન્દ્ર ભગવાનને બિરાજમાન કરવાનો લાભ શ્રી અનુપમ તથા નિશાંત મોદી, ઘાટકોપર, શ્રી જિનેન્દ્ર ભગવાનના રથના સારથી બનવાનો લાભ શ્રી ગુણવંતરાય ભાયાણી પરિવાર, સોનગઢને પ્રાપ્ત થયો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક ભવ્ય સજાવટ સાથે 'કહાનકુંવરના પારણાઝુલન' નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો. પારણાઝૂલનની બોલીનું સૌભાગ્ય શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર પરિવાર, રાજકોટને સંપ્રાપ્ત થયું હતું. આ રથયાત્રામાં જેના નાવિક કહાન ગુરુદેવ હોય એવી ભવ્ય નૌકા તૈયાર કરવામાં આવી હતી જેનો લાભ શ્રી નિરંજનભાઈ પરિવાર, ઉદયપુર હસ્તે નિકીબેનને મળ્યો હતો. આ મંગલ રથોત્સવની ભવ્યતા જોઈને ઇતર ગ્રામજનતા પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. બ્રહ્મચારિણી બહેનોએ મહિલા વિભાગમાં તથા ભજનમંડળીએ પુરુષ વિભાગમાં મધુરા સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

ઉત્સવના સાત દિવસ વિવિધ મંડળો દ્વારા રોચક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. (૧) સીતાજીનો વૈરાગ્ય, સોનગઢ મહિલામંડળ (૨) રાજકોટ મુમુક્ષુ મંડળ, (૩) જામનગર મુમુક્ષુ મંડળ (નાટિકા સત્તાપલટો) તથા આ ઉત્સવના વિશેષ આકર્ષણરૂપે શ્રી સૂર્યકીર્તિ ભગવાનના પંચકલ્યાણકની અભિનયયુક્ત નાટિકાઓ રજૂ કરવામાં આવી હતી. (૪) ગર્ભકલ્યાણક—ઘાટકોપર મુમુક્ષુ મંડળ (૫) જન્મકલ્યાણક—મલાડ મુમુક્ષુ મંડળ (૬) તપ કલ્યાણક—બોરીવલી મુમુક્ષુમંડળ, હૈદ્રાબાદ મુમુક્ષુ મંડળ (૭) કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક—દાદર મુમુક્ષુ મંડળ દ્વારા અત્યંત ભાવવાહી અને ભવ્ય રીતે રજૂ કરવામાં આવ્યા હતા. આ સર્વે કાર્યક્રમો મુમુક્ષુ ભાઈ-બહેનોને ખૂબ જ પસંદ આવ્યા હતા.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજ
## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે, મનોહર દ્રશ્યોથી વિભૂષિત સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશાળ ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) સમક્ષ ક્રમશઃ પ્રાતઃદર્શન, સદ્ગુરુદેવસ્તુતિ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ પ્રણિપાત-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનું વિડિયો-'માંગલિક', બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પૂજન મંડપમાં શ્રી જિનસહસ્રવસુનામ પૂજાનું સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન; તત્પશ્ચાત્ ભવ્ય રીતે સજાવવામાં આવેલ સ્ટેજ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્ય પ્રતિકૃતિનું આગમન થતાં મલાડના તથા અન્ય યુવકોએ ઘણો જ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરીને પૂજ્ય ગુરુદેવશ્રીનું અદ્ભુત અપૂર્વ સ્વાગત કર્યું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિકૃતિને મંડપમાં લાવવાનો લાભ શ્રી નિરંજનભાઈ કાંતિલાલ શાહ, પરિવારને પ્રાપ્ત થયો હતો. પૂજ્ય બહેનશ્રીએ કરેલી ગુરુજન્મવધાઈ તથા ગુરુભક્તિનાં વિડિયો દ્વારા દર્શન, તથા ગુરુ-જન્મવધાઈનો ભક્તિરસપૂર્ણ કાર્યક્રમ થયો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીને પ્રથમ વધાવવાનો લાભ શ્રી પ્રવીણાબેન કાંતિભાઈ કામદાર પરિવાર હસ્તે ભરતભાઈ કામદાર, ચેન્નઈને પ્રાપ્ત થયો હતો. વધાઈ વેળાએ સુંદર રીતે સ્ટેજ શણગારવામાં આવ્યું હતું. શ્રી સીમંધર ભગવાનના સમવસરણની પ્રતિકૃતિ તથા શ્રી સૂર્યકીર્તિ ભગવાનના સમવસરણની પ્રતિકૃતિથી સ્ટેજ અત્યંત ભવ્ય લાગતું હતું. વધાઈ વખતે ભક્તોનો ઉત્સાહ સમાતો નહોતો. આબાલ-વૃદ્ધ સર્વે ભક્તિથી નૃત્ય કરી રહ્યા હતા. આ પ્રસંગે વધાવવાનો લાભ લેનાર મુમુક્ષુને પૂજ્ય ગુરુદેવશ્રીનો મુખ્ય સંદેશો આપતી પ્રતિકૃતિ પ્રતિક તરીકે આપવામાં આવી હતી.

આ મંગલ અવસર પર સર્વશ્રી બ્ર. વજુભાઈ(વઢવાણ) ઉપસ્થિત હતા. બપોરના શાસ્ત્ર પ્રવચન શ્રી શૈલેષભાઈ ગાંધી—રાજકોટ, શ્રી નીતિનભાઈ શેઠ—વાંકાનેર, શ્રી વિરાટભાઈ વોરા—અમદાવાદ, શ્રી નિરંજનભાઈ ડેલીવાળા—સુરત, શ્રી અતુલભાઈ કામદાર—હૈદ્રાબાદ, શ્રી પ્રકાશભાઈ જૈન—મલાડ, શ્રી રાજેન્દ્રભાઈ કામદાર—રાજકોટ તથા શ્રી રમેશભાઈ મહેતા—સોનગઢ દ્વારા ગુરુભક્તિપૂર્ણ કર્યા હતા. તથા ધાર્મિક શિક્ષણવર્ગમાં ડૉ. પ્રવીણભાઈ દોશી—રાજકોટ, શ્રી સુભાષભાઈ શેઠ—વાંકાનેર તથા શ્રી રમેશભાઈ મહેતા—સોનગઢ દ્વારા અધ્યાપનકાર્ય ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કરવામાં આવ્યું હતું.

## ઉત્સવના વિશેષ કાર્યક્રમ

(૧) તા. ૨૭-૪-૧૪ના રોજ 'કહાનગુરુ પ્રભાવના દર્શન' જેનું નવીનીકરણ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ તેનું ઉદ્ઘાટન શ્રી રમેશભાઈ કામદાર, દાદર દ્વારા કરવામાં આવેલ. તથા

ચિત્રપટોના અનાવરણનો લાભ પણ ઘણા મુમુક્ષુ ભાઈ-બહેનોએ લીધો હતો.

(૨) તા. ૨૯-૪-૧૪ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૨૫મા જન્મજયંતી મહોત્સવ નિમિત્તે શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર પરિવાર, રાજકોટના સૌજન્યથી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ ૧૨૫ ભક્તિની ઓડિયો સીડી(પુસ્તક સાથે) ''સુવર્ણપુરી તીર્થ ભક્તિવર્ષા''નું વિમોચન કરવામાં આવ્યું હતું.

(૩) તા. ૩૦-૪-૧૪ના રોજ પાંચસો મુમુક્ષુઓએ ગુરુ જન્મધામ ઉમરાળાની ભક્તિપૂર્ણ યાત્રા કરી હતી.

**સ્થાયી મંડલવિધાન પૂજા** : આ મંગળ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૧૮૩ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા ૬ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત કહાનગુરુ-જન્મોત્સવના પાંચે દિવસ સમાગત મહેમાનો માટે તથા સ્થાનીય મુમુક્ષુમંડળ માટે જમણ (–સ્વામીવાત્સલ્ય) જન્મોત્સવ-આયોજક શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તથા ઉત્સવના સૌજન્યકર્તાઓ તરફથી રાખવામાં આવ્યું હતું. તથા સ્થાયી જમણ ૧૬ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

આ મંગળ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૧૫,૯૮,૭૩૮=૦૦ની ઉપજ થઈ હતી—

| | | |
|---|---|---|
| ૧. | ૧૨૫ના અંકમાં ૧૨૫ × ૬૦૦૫ | ૭,૫૦,૬૨૫=૦૦ |
| ૨ | પ્રાસંગિક વિધાનપૂજા ૧૦૦૦ × ૬ | ૬,૦૦૦=૦૦ |
| ૩. | રથયાત્રામાં બોલી | ૩,૭૯,૦૧૦=૦૦ |
| ૪. | રૂા. ૫૦૦ની વધાઈ ૫૦૦ × ૪૮૪ | ૨,૪૨,૦૦૦=૦૦ |
| ૫. | જિનેન્દ્ર-આરતી | ૭,૩૯૩=૦૦ |
| ૬. | રથયાત્રા, પારણાઝુલન તથા જન્મવધાઈ સ્ટેજ પર | ૨,૧૩,૭૧૦=૦૦ |
| | કુલ રૂા. | ૧૫,૯૮,૭૩૮=૦૦ |

આ મંગલ પ્રસંગમાં સ્વામિવાત્સલ્યની વ્યવસ્થા શ્રી રાજાભાઈ તથા બોટાદ મુમુક્ષુ મંડળ દ્વારા ખૂબ સુંદર રીતે કરવામાં આવી હતી.

* * *

(અનુસંધાન પેજ નં. ૨૫ થી ચાલુ)

**પ્રશ્ન–૪ નીચે આપેલ કોઈપણ એક વિષય ઉપર વીસ લીટીમાં નિબંધ લખો. (૧૧)**

(૧) જૈનધર્મને પરીક્ષા કરીને જ માનવો શા માટે જરૂરી છે?

(૨) દ્રવ્યલિંગીના અભિપ્રાયનું અયથાર્થપણું.

(૩) સમ્યગ્ચારિત્ર અર્થે થતી પ્રવૃત્તિમાં વ્યવહારાભાસીની અયથાર્થતા.

(૪) વ્યવહારાભાસી મિથ્યાદ્રષ્ટિની સાત તત્ત્વો વિષે શું ભૂલ છે તે વિસ્તારથી લખો.

નોંધ : મોક્ષમાર્ગપ્રકાશક પ્રશ્નપત્ર–૭નાં ઉત્તરપત્રો મોડામાં મોડાં તા. ૫–૭–૨૦૧૪ સુધીમાં સોનગઢ પહોંચે તે રીતે રવાના કરવા વિનંતી છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી નિયમસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી છઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

✻ **આદ્રા નક્ષત્ર :**–તા. ૨૨-૬-૨૦૧૪, રવિવારના રોજ સવારે ૧૦-૪૦ વાગ્યે પ્રારંભ થાય છે.

## વૈરાગ્ય સમાચાર :–

દામનગરનિવાસી (હાલ અમદાવાદ) લીલાબેન જગદીશચંદ્ર દોશી (વર્ષ-૬૭) તા. ૨૬-૧-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાંચીનિવાસી (હાલ રાજકોટ) મહેન્દ્રભાઈ અનુપચંદ ખારા (—તે શ્રી બ્ર. કોકિલાબેનના ભાઈ) (વર્ષ-૬૬) તા. ૧૨-૩-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ભાવનગરનિવાસી કાંતિલાલ હરિભાઈ ભાયાણી (વર્ષ-૮૯) તા. ૨૪-૪-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રી શ્રી સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટમાં ૧૧ વર્ષ સુધી મેનેજર તરીકે સેવા આપી હતી. છેલ્લે નાદુરસ્ત તબિયત હોવા છતાં ઘણો સમય સોનગઢમાં રહીને તત્ત્વનો લાભ લેતા હતા.

રાજકોટનિવાસી શ્રી ગણેશભાઈ જયરામભાઈ પટેલ (વર્ષ-૮૦) તા. ૨૭-૪-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ઘણા સમયથી સોનગઢ સ્થાયી રહી પૂજ્ય ગુરુદેવશ્રી ને પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લીધો હતો.

અમદાવાદનિવાસી શ્રી અમરીષભાઈ ફોજદાર, એપ્રિલ-૧૪માં ટૂંકી માંદગી બાદ અમેરિકામાં સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી (હાલ ઘાટકોપર-મુંબઈ) ઉત્તમભાઈ હરીલાલ ધોળકિયા (વર્ષ-૭૮) તા. ૧૦-૫-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

## (૧૩)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચેના બોલોમાં ચાર વસ્તુઓ લખી છે પાંચમી વસ્તુ પૂરી કરો.

(૨૪૧) પાંચ શાશ્વત મેરુ પર્વત : સુદર્શન મેરુ, અચલ મેરુ, મંદાર મેરુ, વિદ્યુન્માલી મેરુ ............................

(૨૪૨) મહાવીર ભગવાનના નામ : વર્ધમાન, વીર, અતિવીર, મહાવીર, ..................

(૨૪૩) પાંચ નામ શ્રી કુંદકુંદાચાર્યદેવના : પદ્મનંદિ, કુંદકુંદ, ગૃદ્ધપિચ્છાચાર્ય, વક્રગ્રીવાચાર્ય ...........................

(૨૪૪) પાંચ અનુત્તર વિમાન : વિજય, જયન્ત, અપરાજિત, સર્વાર્થસિદ્ધિ....................

(૨૪૫) પાંચ પ્રકારે અર્થ કરવાની પદ્ધતિ : શબ્દાર્થ, નયાર્થ, આગમાર્થ, ભાવાર્થ,................

(૨૪૬) પાંચ ઈન્દ્રિયો : સ્પર્શન, રસના, ઘ્રાણ, શ્રોત્ર .......................

(૨૪૭) રાજગૃહીના પાંચ પહાડો : રત્નાગિરિ, ઉદયગિરિ, શ્રમણગિરિ, વૈભારગિરિ ..................

(૨૪૮) અયોધ્યામાં જન્મેલા પાંચ તીર્થંકરો : ઋષભદેવ, અજિતનાથ, અભિનંદન, સુમતિનાથ .......................

(૨૪૯) પાંચ અરૂપી દ્રવ્યો : ધર્મ, અધર્મ, આકાશ, કાળ..........

(૨૫૦) પાંચ અસ્તિકાય : જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ .......................

(૨૫૧) પાંચ અજીવ દ્રવ્યો : પુદ્‌ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિકાય, કાળ ......................

(૨૫૨) પાંચ આચાર : દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર ........................

(૨૫૩) પાંચ વ્રત : અહિંસાવ્રત, સત્યવ્રત, અચૌર્યવ્રત, બ્રહ્મચર્યવ્રત, ........................

(૨૫૪) પાંચ આસ્રવ : અવ્રત, પ્રમાદ, કષાય, યોગ .............................

(૨૫૫) પાંચ પાપ : જુઠ્ઠુ, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ ..........................

(૨૫૬) પાંચ પાંડવ : યુધિષ્ઠિર, અર્જુન, નકુલ, સહદેવ ..........................

(૨૫૭) પાંચ ભરતક્ષેત્ર : ધાતકીખંડના બે (પૂર્વ ને પશ્ચિમ) પુષ્કરદ્વીપના બે ............................

(૨૫૮) પાંચ ઐરાવત ક્ષેત્ર : જંબૂદ્વીપમાં, ધાતકીખંડમાં, પશ્ચિમ ધાતકીમાં, પૂર્વ પુષ્કરમાં ..................................

(૨૫૯) પ્રવચનસારના પાંચ રત્નો : ગાથા ૨૭૧, ૨૭૨, ૨૭૩, ૨૭૪,....................

(૨૬૦) નિયમસારના પાંચ રત્નો : ગાથા ૭૭, ૭૮, ૭૯, ૮૦, .........................

---

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન મે-૨૦૧૪ના ઉત્તર

(૨૨૧) નરક
(૨૨૨) સમયવ્યાખ્યા
(૨૨૩) જંબૂકુમાર
(૨૨૪) ઉપગૂહન
(૨૨૫) વજ્રવૃષભનારાચ
(૨૨૬) ભાષાવર્ગણાની
(૨૨૭) હેય
(૨૨૮) પરોક્ષ
(૨૨૯) અતીન્દ્રિય
(૨૩૦) મિથ્યાત્વ
(૨૩૧) કુંદકુંદાચાર્યદેવ
(૨૩૨) ગૌણ
(૨૩૩) દ્રવ્યત્વ
(૨૩૪) આત્મજ્યોતિ
(૨૩૫) હેય
(૨૩૬) સમ્યક્દર્શન
(૨૩૭) નિર્વિકલ્પ
(૨૩૮) હેય
(૨૩૯) સકલ
(૨૪૦) ભાવનો

## (૧૩)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

**નીચે આપેલ વાક્યોમાંથી જે જવાબ સાચા હોય તે આગળ નિશાની ✓ કરવી અને જેના જવાબ ખોટા હોય તેનાં આગળ × કરવી**

(૨૪૧) સાતમી નરકમાં એટલી ગરમી હોય છે કે મેરુપર્વત જેવડો લોખંડનો ગોળો ઓગળી જાય. ( )

(૨૪૨) મિથ્યાદૃષ્ટિ જીવો મરીને નરકમાં જ જાય છે. ( )

(૨૪૩) શ્રવણબેલગોલામાં શ્રી બાહુબલીની મૂર્તિ ખોદકામ દરમિયાન પ્રાપ્ત થયેલ છે.( )

(૨૪૪) કેવળજ્ઞાન માત્ર સિદ્ધ ભગવંતોને જ હોય છે. ( )

(૨૪૫) સમ્યક્‌દર્શન વગર જીવ ૯માં ગ્રૈવેયક સુધી જઈ શકે છે. ( )

(૨૪૬) વાસુદેવ અને પ્રતિવાસુદેવ નરકમાં નિયમથી જાય છે. ( )

(૨૪૭) તીર્થંકર ભગવાનને આહાર કે નિહાર હોતા નથી. ( )

(૨૪૮) તીર્થંકર ભગવાનને ૩૬ ગુણ હોય છે. ( )

(૨૪૯) બધા અરિહંત ભગવાનને સમવસરણ હોય છે ( )

(૨૫૦) પૂજ્ય ગુરુદેવશ્રીએ પાલેજમાં વ્યાપાર કર્યો હતો. ( )

(૨૫૧) શ્રેણિક રાજાએ યશોધર મુનિના ગળામાં સર્પ નાખ્યો હતો. ( )

(૨૫૨) નેમિનાથ ભગવાન અને શ્રીકૃષ્ણ બંને સગા ભાઈ હતા. ( )

(૨૫૩) જંબૂસ્વામી પછી ત્રણ કેવળી મોક્ષમાં ગયા. ( )

(૨૫૪) રાત્રિભોજન કરવાથી અસંખ્ય જીવોની હિંસા થાય છે. ( )

(૨૫૫) રાજુલનો ગિરનાર પર્વતથી મોક્ષ થયેલ છે. ( )

(૨૫૬) પાંચ ઉદમ્બર ફળ ખાવાથી ત્રસજીવોની હિંસા થાય છે. ( )

(૨૫૭) સોનગઢમાં પ્રવચનમંડપ પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું સ્મારક ભવન છે. ( )

(૨૫૮) શાંતિનાથ, કુંથુનાથ, અરહનાથ ત્રણ પદના ધારક તીર્થંકર હતા. ( )

(૨૫૯) મોક્ષશાસ્ત્ર(તત્ત્વાર્થસૂત્ર)ના રચયિતા પંડિત ટોડરમલજી હતા. ( )

(૨૬૦) ચોવીસ તીર્થંકર સમ્મેદશિખરથી મોક્ષે ગયા નથી. ( )

# બાળકો માટેના આપેલ પ્રશ્ન મે–૨૦૧૪ના ઉત્તર

**(અ)**

(૨૨૧) સીમંધર ભગવાન
(૨૨૨) નેમિનાથ ભગવાન
(૨૨૩) વાસુપૂજ્ય ભગવાન
(૨૨૪) પારસનાથ ભગવાન
(૨૨૫) ઋષભદેવ ભગવાન
(૨૨૬) મહાવીર ભગવાન
(૨૨૭) રામચંદ્ર ભગવાન
(૨૨૮) કુંદકુંદાચાર્ય
(૨૨૯) શ્રી કાનજીસ્વામી
(૨૩૦) શ્રીમદ્ રાજચંદ્ર

**(બ)**

(૨૩૧) પાંચ પાંડવમુનિ
(૨૩૨) નિયમસાર
(૨૩૩) દીપાવલી પર્વ
(૨૩૪) જ્ઞાન
(૨૩૫) મહાવીર ભગવાન
(૨૩૬) સમ્યક્‌દર્શન
(૨૩૭) સમવશરણ
(૨૩૮) સિદ્ધ ભગવાન
(૨૩૯) ઈન્દ્રભૂતિ
(૨૪૦) રત્નત્રય

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ શુભાશુભના વિકલ્પોથી, રાગાદિના ભાવથી કે દ્રવ્યોના ભેદરૂપ વિચારથી તને શું લાભ છે ? એવા વિકલ્પોનું સાવધાનીપૂર્વક પ્રતિપાલન એટલે કે આચરણ અને સ્મરણ તેનાથી તને કઈ કાર્યસિદ્ધિ થાય છે ? કોઈ કાર્યસિદ્ધિ થતી નથી. એક બાજુ ભગવાન આત્માનો અનુભવ છે ને બીજી બાજુ ભેદ–વિકલ્પો આદિ છે પણ તારે એ બીજી બાજુનું શું કામ છે ? અભેદ ચૈતન્યસ્વભાવનો અનુભવ થયો તેને દયા, દાન આદિ વિકલ્પોથી શું સિદ્ધિ છે? અરે! દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ વિકલ્પોથી શું પ્રયોજન છે ? તેના તરફનું સાવધાનપણું છોડ ! ૬૧.

✻ ચૈતન્ય ચમત્કારી તત્ત્વનું સામર્થ્ય કેટલું !—એમ અંદરમાં દેખે–પ્રતીત કરે તો ધર્મનો મહેલ થવાનો પાયો ઊભો થાય. વિકલ્પ તૂટ્યા વિના આવી વસ્તુ અંદરમાં બેસે નહિ. વસ્તુ છે તે સીમા રહિત છે. અમર્યાદિત વસ્તુ છે, અક્ષય ને અમેય વસ્તુ છે. એ વસ્તુને શ્રદ્ધામાં લેનારી પર્યાય પણ કદી નાશ ન થાય એવી અક્ષય ને અમેય છે. ભલે અચારિત્રના પરિણામ હોય તોપણ એની શ્રદ્ધા પર્યાયની–જ્ઞાનપર્યાયની એટલી તાકાત છે કે રાગ (પોતામાં) નથી. પરદ્રવ્ય પોતામાં નથી.—એમ જાણી લ્યે છે. ૬૨.

✻ અરે ! આવા ચમત્કારી સ્વભાવની વાત સ્વના લક્ષે સાંભળે તો મિથ્યાત્વના ભૂકા ઊડી જાય એવી આ વાત છે. ૬૩.

✻ શરીરના એક એક તસુમાં ૯૬-૯૬ રોગ છે. એ શરીર ક્ષણમાં દગો દેશે, ક્ષણમાં છૂટી જશે. કાંઈક સગવડતા હોય ત્યાં ધુસી જાય છે. પણ ભાઈ ! તારે ક્યાંક જવું છે ત્યાં કોનો મહેમાન થઈશ ? કોણ તારું ઓળખીતું હશે ? એનો વિચાર કરીને તારું તો કાંઈક કરી લે ! શરીર સારું હોય ત્યાં સુધી આંખ ઉઘડે નહીં ને ક્ષણમાં દેહ છૂટતાં અજાણ્યાસ્થાને હાલ્યો જઈશ ! નાની નાની ઉંમરના પણ ચાલ્યા જાય છે માટે તારું કાંઈક કરી લે ! ૬૪.

✻ પ્રશ્ન :–ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દષ્ટિને તો ભય થતો દેખાય છે ને તેનો ઉપાય પણ કરે છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :–સમ્યગ્દષ્ટિ અંતરમાં તો નિર્ભય જ છે, બાહ્યમાં ભયપ્રકૃતિમાં જોડાવાથી અસ્થિરતાનો જરી ભય દેખાય છે તોપણ અંતરસ્વરૂપમાં તો નિર્ભય જ છે. તેથી તે આલોક પરલોક આદિ સાતે પ્રકારના ભયથી રહિત નિર્ભય હોય છે. ૬૫

આત્મધર્મ
જૂન-૨૦૧૪
અંક-૧૦ * વર્ષ-૮

Posted at Songadh PO
Publish on 1-06-2014
Posted on 1-06-2014

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## આત્મતત્ત્વને સમજ

અરેરે! આવા અનંતા ભવ ગાળ્યા છતાં આ જીવ ચેત્યો નહીં. હવે આ અવસર આવ્યો છે તો હે ભાઈ! પરની ચિંતા છોડીને તારું પોતાનું કલ્યાણ કેમ થાય તેનો તું વિચાર કર.....તું તારું સુધાર...તારા હિત માટે તું અંતર્મુખ સ્વભાવમાં જો....ને તારા પૂર્ણ સ્વરૂપને લક્ષમાં લે. ભાઈ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. બહારમાં તો ભલે ગમે તેમ થાય પણ તું તારા આત્મતત્ત્વને સમજ. તે સમજવાથી જ તારું કલ્યાણ થશે ને ભવથી નિવેડો આવશે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org